વલાનિવાસી શાહ ભૂરાભાઈ હુકમચન્દનાં પુત્રી
મર્હુમ બહેન જડાવના સ્મરણાર્થ.

'જૈનશાસન' ના ગ્રાહકોને બીજા વર્ષની ભેટ—

# "શાણી સુલસા"

લેખક
મુનિરાજ શ્રીવિદ્યાવિજયજી.

પ્રકાશક
સંપાદક "જૈનશાસન"

સંવત ૧૯૬૯ વીર સંવત ૨૪૩૯.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Printed and Published by Shah Harakhchand
Bhurabhai, at the Dharmabhyudaya
Press, Benares City.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

॥ अर्हम् ॥

# સમર્પણ.

પૂજ્યપાદ

પ્રાતઃસ્મરણીય

ગુરૂ મહારાજા સાહેબ !

એ આપ શ્રીની પરમ કૃપાનુંજ

ફળ છે કે આ એક નાનકડું પુસ્તક લખી

આપશ્રી જેવા પ્રબળ સાહિત્ય પ્રચારકનો અનુચર થવા

આ સેવક ભાગ્યશાળી નીવડ્યો છે. અત એવ

આ લઘુ પુસ્તક, આપશ્રીનાજ

કરકમલમાં સમર્પણ

કરી કૃતાર્થ

થાઉંછું.

હું છું.

સર્વથા આપનો

વિદ્યાવિજય.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પ્રસ્તાવના.

## 'શાણી-સુલસા' સંબંધી બે બોલ.

'હાથ કંકણને આરસીની જરૂર હોતી નથી, સૂર્યને દેખાડવા માટે દીવો ધરવો નિરર્થક છે. ત્હેવીજ રીતે જ્હે અપાંસુલા સાધ્વીસ્ત્રીનું પવિત્ર ચરિત્ર પાઠકોની સન્મુખ ઉપસ્થિત કરવામાં આવે છે, જ્હે આ ચરિત્રનાયિકાના પવિત્ર ચરિત્રને યથાર્થ રૂપમાં ચીતરી પાઠકોના હાથમાં મૂકવામાં આવે છે અને જ્હે દેવીના હૃદયમાં રહેલી શુદ્ધશ્રદ્ધાનો ફોટો યથાર્થ રીતે ખેંચી વાંચકોની દૃષ્ટિ સંમુખ મૂકી દેવામાં આવે છે ત્હેનાજ સંબંધી 'બે બોલ' કહેવાની આવશ્યકતા કોઈપણ સહૃદય પાઠક સ્વીકારી શકે નહિં, તે વાત ખરી છે, પરન્તુ ત્હેની સાથે એ પણ વાત આવશ્યકીય છે કે 'પુસ્તકની યોજના' સંબંધી ભૂમિકા રૂપે 'બે બોલ' ન કહેવામાં આવે, તો તે પુસ્તકની પૂર્ણાહુતિમાં ન્યૂનતાજ રહી લેખી શકાય.

એ તો સૌ કોઈ જાણે છે કે જૈન સાહિત્યનો મ્હોટો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભાગ સંસ્કૃત અને પ્રાકૃત ભાષાની અંદર યોજાએલો છે, અને હ્હેને લીધે તે સાહિત્યામૃતનો યથાર્થ સ્વાદ તેજ મહાનુભાવો લેઈ શકે છે કે જેઓ તે તે ભાષાઓને જાણવાની યોગ્યતા ધરાવે છે, હવે કેટલોક અંશ પ્રાચીન ગુજરાતી ભાષાની અંદર પણ યોજાએલો છે. પરન્તુ હ્હેની અંદર આ નવયુગના નવયુવકોને એટલી અભિરૂચિ નથી થતી, જ્હેટલી, સમયાનુસાર સુધરતી જતી ભાષામાં લખાએલા સાહિત્યમાં થાય છે, અત એવ સાહિત્યના બહોળા ફેલાવાને માટે સમયાનુસાર લોકો લાભ ઉઠાવી શકે, હ્હેવાં જૈન સાહિત્યનાં પુસ્તકો (ન્હાનાં મ્હોટાં) યોજી પ્રકાશિત કરવાની આવશ્યકતા સૌ કોઈ સ્વીકારી શકે. ઘણે ભાગે એવું જોવામાં પણ આવે છે કે— લોકોની અભિરૂચિ, નૉવેલો–નવલ કથાઓ અને ઉપન્યાસો વાંચવા તરફ વધતી જાય છે, જ્હેમ જ્હેમ અભિરૂચિ વધતી જાયછે હ્હેમ હ્હેમ સાહિત્યના શોખિનો અને સાહિત્ય પ્રચારકો હ્હેવાં પુસ્તકો પુરા પણ પાડતા જાય છે, પરન્તુ અફસોસ એટલાજ માટે છે કે– હ્હેવાં પુસ્તકોની અંદર વિષયવાસનાઓને વધારનાર રસની વિશેષ પૂર્ત્તિ કરવામાં આવેલી જોવામાં આવે છે. એટલે તે પુસ્તકોથી જ્હે લાભ થવો જોઇએ, તે લાભ થવો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તો દૂર રહ્યો, ત્હેથી નુકસાનજ વધારે થવા પામે છે.

પ્રાચીન મહાપુરૂષોનાં અને પ્રાતઃસ્મરણીય સતીઓનાં પવિત્ર અને અનુકરણીય ચરિત્રોને નવા જમાનાની નવી ખૂબીથી લખી પ્રકાશિત કરવામાં આવે તો સંસારમાં ઘણો જ ઉપકાર થવા સાથ સાહિત્યનો પ્રચાર પણ વિશેષ થવા પામે.

બસ! આજ વિચારોને લેઈ મહાસતી 'સુલસા' ના ચરિત્રને, યથાશક્તિ લોકોને રૂચિકર થાય ત્હેવી સરળ અને સરસ ભાષામાં લખવા યત્ન કરેલો છે.

આ ચરિત્રનાયિકાના નામથી ભાગ્યેજ કોઈ જૈન અજાણ્યો હશે. જ્હે સુલસાની ધર્મદૃઢતાની ખુદ ઇન્દ્રદેવે પોતાની સભામાં પ્રશંસા કરેલી છે, જ્હે સુલસાની પરમાત્મા મહાવીર દેવે, પોતાના શ્રીમુખથી અંબડદ્વારા ધર્મપ્રવૃત્તિ પૂછાવેલી છે અને જ્હે સુલસાના શુદ્ધ સમ્યક્ત્વની પરીક્ષા કરવા માટે અંબડે, અનેક રૂપો કરવા છતાં પણ હાર ખાધેલી છે, તેજ સુલસા, આ પુસ્તકની ચરિત્રનાયિકા છે.

સુલસાની સુદેવ, સુગુરૂ, અને સુધર્મ ઉપર કેવી દૃઢ શ્રદ્ધા હતી? સુલસાની જિનેશ્વર પ્રત્યેની ભક્તિ કેવી અનુકરણીય હતી? સુલસાના બત્રીશ પુત્રોના એકી સાથે મૃત્યુથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્હેને, આવી પડેલી આફત વખતે પણ ત્હેણે કેવા પ્રકારે ધીરતા પૂર્વક ધર્મનું આરાધન કરેલું હતું? અંબડે સુલસાની પરીક્ષા કરવા માટે કેવા પ્રકારે બ્રહ્મા આદિનાં રૂપ ધારણ કરી સુલસાને સમ્યકત્વથી– શુદ્ધ શ્રદ્ધાથી હઠાવવા માટે પ્રયત્ન કર્યો હતો? તેમજ સુલસાએ પોતાની વૃદ્ધાવસ્થામાં અને અંત સમયમાં પોતાનું પંડિત મરણ થવા માટે કેવા પ્રકારે ક્રિયા કરેલી છે? વિગેરેનું યથાર્થ સ્વરૂપ બતાવવા સાથ પ્રસંગોપાત્ત શ્રેણિક રાજાએ ચિલ્લણાનું કરેલું હરણ, અભયકુમારે સુજયેષ્ટાની પ્રાપ્તિ માટે વાપરેલી બુદ્ધિ વિગેરેનો પણ યથાર્થ ચિતાર આપવા યથાશક્તિ કોશીશ કરેલી છે.

અંતમાં શાણીસુલસાના ચરિત્ર ઉપરથી વાંચકો યથાયોગ્ય લાભ ઉઠાવો અને મ્હારો યત્કિંચિત્ ઉદ્યમ સફલ થાઓ, એમ ઇચ્છી આટલેથીજ વિરમું છું.

ॐ

विद्याविजय.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अर्हम् ।

श्रीविजयधर्मसूरिभ्यो नमः ।

# શાણી સુલસા.

( લખનાર—મુનિરાજ શ્રીવિદ્યાવિજયજી. )

## પ્રથમ પ્રકરણ.

ઉન્નતિ અને અવનતિનો પ્રવાહ, સર્વદાથી દરેકના ઉપર પોતાનો પ્રભાવ પાડતો ચાલ્યો આવ્યો છે. એવો કોઈ મનુષ્ય નથી, જ્હેને આ બે પ્રકારના પ્રબલ પરાક્રમશાલી પરિવર્તનોમાં પડીને સુખ અને દુઃખનો અનુભવ જોવાનો અવસર ન પ્રાપ્ત થયો હોય. સંસારમાં અનેક જાતિઓ પરમોન્નતિની સર્વોચ્ચતમ અવસ્થાને પહોંચીને પાછી રસાતલમાં ચાલી ગઈ, ક્યહાં ગઈ ? ત્હેનું શું થયું ? ત્હેનો લગાર માત્ર પણ પતો કોઇને માલૂમ નથી. જ્યહાં મ્હોટી વિશાલ અટ્ટાલિકાઓથી સુશોભિત મંદિર હતાં, જ્યહાં આકાશને સ્પર્શ કરવાવાળા પ્રાસાદો



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શોભાયમાન હતા અને ચારો તરફ ઉત્સાહથી ભરેલા મનુષ્યો પ્રસન્નતા પૂર્વક રહેતા હતા, જ્યહાં ઘરોના ઉપર સુવર્ણ અને રજતના કળશો અને ચિત્ર વિચિત્ર ધ્વજાઓ દૂર દૂર સૂધી જનતાની સુખ સમૃદ્ધિની સાક્ષી આપી રહી હતી, તે સ્થળોએ આજ જંગલો અને ખંડેર દૃષ્ટિગોચર થઈ રહ્યાં છે. જ્યહાં મહારાજ્યની દુંદુભિનો નિનાદ થતો હતો, ત્યહાં શિયાળ રૂદન કરી રહીછે. પરિવર્તનનો મહિમા અપરમ્પાર છે. ત્હેને પૂરી ચાલથી સમજવો, મનુષ્યની શક્તિથી બાહેર છે.

કોઈ સમય હતો કે મગધ દેશનું બળ ભારતવર્ષજ નહિ, પરન્તુ ભૂમંડલમાં પ્રધાન ગણવામાં આવતું હતું. તે કાલમાં ત્હેની સમતા રાખવા વાળો બીજો કોઈ દેશ નહોતો. કર્ણાટ-વિરાટ-ધનઘાટ-સૌરાષ્ટ્ર-મહારાષ્ટ્ર અને લાટ આદિ હરેક દેશોમાં ત્હેની પ્રધાનતા માનવામાં આવતી હતી. બંગ-ચંગ-મરૂ અને કુરૂ આદિ મ્હોટાં મ્હોટાં મહારાજ્યો ત્હેની આગળ શિર ઝુકાવતાં હતાં. ગૌડ-ચૌડ-મત્સ્ય-કચ્છ આદિ પ્રદેશો ત્હેની આગળ પ્રતિભાહીન થઈ રહ્યા હતા. ચીન દેશ સૂધી ત્હેની કીર્તિ પતાકા ફેલાએલી હતી. અને ત્હેની રાજધાનીની સ્હામે કાશી કન્નોજ અને અયોધ્યા આદિની પ્રભા મન્દ પડી જતી હતી. મગધ દેશની રાજ-ધાની 'રાજગૃહ'ના નામથી દિગ્ દિગન્તમાં વિખ્યાત હતી, અને ત્હેમાં દૂર દૂરથી લોકો વિદ્યા અને ધર્મોપદેશની લાલ-ચથી આવતા હતા. પરિવર્તનના પ્રતાપથી આજ તેજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજગૃહ નગરી ઉજાડ ખણ્ડ જેવી દૃષ્ટિગોચર થઇ રહી છે. પરન્તુ જે સમયનો ઇતિહાસ લખવામાં આવેછે તે સમયે આ વિશાલ નગરીને લોકો ઇન્દ્રની અમરાવતીની ઉપમા દેતા હતા.

આ નગરીમાં લક્ષાવધિ ધાર્મિક પુરૂષોનો નિવાસ હતો, હજારો મુનિ-સાધુઓ અને મહાત્માઓને માટે મ્હોટાં મ્હોટાં સ્થાનો બનેલાં હતાં. અહિંસાની આજ્ઞા રાજ દરબાર તરફથી હતી. મ્હોટાં મ્હોટાં પર્વતાકાર મંદિરો આ નગરીને સુશોભિત કરી રહ્યાં હતાં. ત્હેની પણ્યવીથિઓમાં ધન-ધાન્યથી પૂરિત ગૃહસ્થિઓનાં ઝૂણ્ડના ઝુણ્ડ ચિત્ર વિચિત્ર વસ્ત્રોથી સુમણ્ડિત દેખાતાં હતાં. રાજ્યના સુપ્રબન્ધથી આ જનસ્થાનમાં દીન-હીન અને દુ:ખી મનુષ્ય કઠિનતાથી પ્રાપ્ત થતો. મ્હોટા સુન્દર અને વિશાળ રાજમાર્ગો, જ્હેની બન્ને બાજુએ સુન્દર વૃક્ષોની પંક્તિ લાગેલી હતી, આ નગરીમાં વિદ્યમાન હતા. તેમજ ઠેકાણે ઠેકાણે ઉપવન અને ફુવારાથી નગરીની શોભા અકથનીય થઈ રહી હતી.

આ મનોહારિણી પુરીમાં એક સમય શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. રાજા શ્રેણિક ધાર્મિક અને સરલ સ્વભાવી હતો. જ્હેવી રીતે ત્હેને રાજ્યનું સુખ હતું, ત્હેવીજ રીતે ગૃહસ્થીપણાનું પણ પરમ સુખ પ્રાપ્ત હતું. સુનન્દા જ્હેવી સ્ત્રીને પ્રાપ્ત કરીને રાજા અત્યન્ત પ્રમુદિત હતો. આ અપાંસુલા સાધ્વી સ્ત્રી, પતિપરાયણા હોવાની સાથે પરમ સુ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ખવતી પણ હતી. ત્હેના સ્વરૂપની દૂર દૂર દેશોમાં પ્રશંસા થઈ રહી હતી. આ સ્ત્રીરત્નને પામીને રાજા શ્રેણિક પોતાને પરમ ભાગ્યવાન્ સમજતો હતો. રાજા શ્રેણિકને એક 'અભય કુમાર' નામક પુત્ર હતો. અભયકુમારની બુદ્ધિનો વૈભવ ત્યહાં સુધી વધેલો હતો કે- મ્હોટા મ્હોટા લોકો પણ તેમની સમ્મતિ પૂર્વક કામ કરતા હતા. કોઈ કવિએ ઠીકજ કહ્યુંછે કે:- "तेजसां हि न वयः समीक्ष्यते" જે તેજસ્વી પુરૂષ છે, તેઓના વિષયમાં મ્હોટી અવસ્થામાં જ્ઞાન થશે, એ અનુમાન નથી લગાવવામાં આવતું.

રાજા શ્રેણિકની રાજધાની રાજગૃહ નગરીમાં 'નાગ' નામનો એક સારથી રહેતો હતો. પ્રાચીન સમયમાં સારથીનું કાર્ય આજકાલની માફક નીચ કાર્ય નહોતું ગણાતું. મ્હોટા મ્હોટા પ્રધાન પુરૂષો સારથીનું કાર્ય કરતા હતા. પ્રાચીન લડાઈઓમાં અનેક કૃતવિદ્ય અને યશસ્વી લોકોનું, સારથી બનીને સંગ્રામ સ્થળ પર આવવુંજ, સારથી પદનું મહત્વ સૂચિત કરેછે. જહેવી રીતે સેનાના સમૂહના નાયકને મહારથી કહેતા હતા, ત્હેવીજ રીતે રથને લેઈ યુદ્ધવિદ્યાની રીતિથી ચલાવવાવાળો તથા સમય સમય પર શસ્ત્રવિધિને બતાવવાવાળો પુરૂષ સારથી પદ પર નિયત કરવામાં આવતો હતો. 'સારથી' તે સમયની સેના વિભાગમાં એક પ્રતિષ્ઠિત પદ ગણવામાં આવતું હતું.

એ રીતે આ અનુમાન સહજ સિદ્ધ છે કે- 'સારથીના પદ પર નિયુક્ત થવાવાળો પુરૂષ સાધારણ મનુષ્ય નહિ થઈ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શકતો હતો.

આ 'નાગસારથી' એક ધનાઢ્ય અને પ્રસિદ્ધ પુરૂષ હતો. તેની પાસે ઘણું દ્રવ્ય હતું, તેમ સાંસારિક વૈભવની પણ ત્હેની પાસે કમી નહોતી. તેથી અતિરિક્ત ત્હેનામાં દયા, ક્ષમા, શાન્તિ, સરલતા આદિ અનેક ગુણો વિદ્યમાન હતા, દાક્ષિણ્ય અને ગંભીરતામાં તે આખી નગરીમાં સૌથી વધેલો હતો. ત્હેનો સ્વભાવ, ધર્મભાવથી પૂરિત હતો. અને તે હમેશાં શ્રીજિનેશ્વરનું પૂજન અને ધ્યાનમાં લવલીન રહેતો હતો. નાગસારથીને ધર્મકાર્યથી વધી બીજું કોઈ કાર્ય હર્ષિત કરવાવાળું નહોતું થતું. કહેછે કે- નાગસારથી, પોતાના સમયનો એક દાની પુરૂષ હતો અને રાત દિન ત્હેના ઘરમાં દાનનો મહિમા દેખવામાં આવતો હતો. નાગસારથીની ઉદારતાના કારણથી કેટલાએ દરિદ્રિઓ ધનવાન થઈ ગયા. આ પ્રસિદ્ધ પુરૂષના વિષયમાં અનેક વાતો કહેવામાં આવેછે. ત્હેનું હૃદય એવું તો કોમળ હતું કે- જ્યહારે તે કોઈને દુઃખી અવસ્થામાં દેખતો' તો ત્હેના અંતઃકરણમાં મર્મભેદી પીડા થવા લાગતી હતી. અને જ્યહાં સૂધી બનતું, દુઃખીનું દુઃખ ટાળવાને માટે ઉદ્યોગ કરતો. નાગસારથીમાં પોતાના અન્ય ગુણોની સાથે એ વાત ઘણી મહત્વની હતી કે- તે વિષયવાસનાથી વિમુખ રહીને બ્રહ્મચર્યથી સમય વ્યતીત કરતો હતો. અને પોતાની સ્ત્રી સિવાય અન્ય કોઈ પર દૃષ્ટિ નહિ કરતો. નાગસારથી પાસે એટલું ધન હોવા છતાં, પોતે ઈન્દ્રિય સુખોને તુચ્છ દૃષ્ટિથી દેખતો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ નાગસારથીની ધર્મપત્નીનું નામ 'સુલસા' હતું. 'સુલસા' અપાંસુલા સ્ત્રીઓમાં સૌથી અવલ ગણવા યોગ્ય હતી. સુલસા ધર્મ-કર્મમાં નિપુણ, આલસ્ય રહિત, તથા સતીઓમાં પણ શ્રેષ્ઠ ગણવામાં આવતી હતી. સુલસા સમ્યકત્વ રૂપ રત્નથી અત્યન્ત સુશોભિત હતી. ધાર્મિક કાર્યોમાંજ ત્હેનું મન અધિક લાગતું હતું. અને મોક્ષ પ્રાપ્તિનો ઉપાય, ત્હેના આત્માનું અભિલષિત ફળ હતું. આ સુલસા દેવી પરમાત્મા મહાવીરદેવની પરમ ઉપાસકા હતી અને ત્હેની શ્રદ્ધા-ભક્તિ અવર્ણનીય હતી. નિદાન, નાગસારથી પોતાની સ્ત્રીની સાથે ધર્મપૂર્વક પોતાનો સમય વ્યતીત કરતો હતો.

## દ્વિતીય પ્રકરણ.

રાજગૃહ નગરીના બાહેરના ભાગમાં એક સુંદર ઉપવન બનેલું છે. ત્હેમાં અનેક પ્રકારનાં વૃક્ષો, પોતાનાં પલ્લવોની શોભા વિકસિત કરી રહ્યાં છે. કોઈ કોઈ સ્થળે ફૂલોની કયારીઓ અનુપમ છટા બતાવી રહી છે. કોઈ કોઈ સ્થળે ફુઆરાથી પડતું પાણી, દર્શકોના મનમાં આનંદની તરંગોને બતાવી રહ્યું છે. આ ઉપવનની કૃત્રિમ બનાવટ ઘણીજ મનોહારિણી હતી. જ્યહાં દેખો ત્યહાંથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પુષ્પપરાગ મિશ્રિત સુગન્ધિત વાયુથી મન પ્રફુલ્લિત થઈ જતું. વૃક્ષોની ડાળીઓ ઉપર બેઠેલાં પક્ષીઓ અનેક પ્રકારની બોલી, બોલી રહ્યાં હતાં. આવા પરમ સુન્દર બાગની મધ્યમાં સંગમરમરનો એક બંગલો બનેલો હતો. જે બંગલો આ હરિત સ્થાનની મધ્યમાં એવો દેખાતો હતો કે માનો પન્ના- ના સમૂહથી પરિવેષ્ટિત હીરો જડેલો છે. આ બંગલાની બનાવટ અને સજાવટને દેખીને મ્હોટા મ્હોટા કુબેરની સ- મતા રાખવાવાળા ધનિકોનું મન લલાયિત થઈ જતું હતું. આ બંગલાના એક વિશાળ કમરા (ઓરડા) માં નાગસા- રથી બેઠેલ છે. ત્હેના સ્હામે ભીંત ઉપર રંગ બેરંગનાં ચિત્રો લાગેલાં છે. પરન્તુ તે કોઈ વસ્તુને દેખતો નથી. પક્ષીઓનાં મધુરરવની તરફ પણ ત્હેનું ધ્યાન બિલકુલ જતું નથી. નાગસારથીએ માથું નીચું કરી, તકીયાના આધારે બાં- ય નમાવી છે, અને હાથ ઉપર પોતાના ગાલને ધારણ કરી કોઈ મહતી ચિન્તાના ફેરમાં પડેલ છે.

સાંસારિક પુરૂષોનો ચિન્તાથી છુટકારો નથી થઈ શકતો, એકને એક પ્રકારની ચિન્તા દરેકને હોય છેજ. કોઈ દરિદ્રા- વસ્થાની યાતનામાં પડેલો દ્રવ્યની ચિન્તામાં છે, કોઈ સુંદર સ્ત્રીને પ્રાપ્ત કરવાની લાલસામાં નિઃશ્વાસ લેતો ફરેછે, જ્યહારે કોઇને સ્ત્રી આજ્ઞાનુવર્તિની ન રહી પોતાના પતિને પરમ કષ્ટ આપી રહી છે. નાગસારથીને આ ઉપર્યુક્ત ચિન્તાઓમાંથી કોઈ ચિન્તા નહીં હતી. ત્હેનું ઘર ધન જન અને સમૃદ્ધિથી પૂરિત હતું. કોઈ વાતની ત્હેને કમી નહોતી. આવા સાંસા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રિક અભ્યુદયને પ્રાપ્ત કરીને પણ નાગજી કેમ ચિન્તિત થઈ રહેલ છે ? નોકર-ચાકર દરેક આવીને જોઈ ગયા પરન્તુ તે સારથી કોઇની તરફ દૃષ્ટિપાત કરતો નથી.

ધીરે ધીરે આ ચર્ચા ફેલાવા લાગી, અને થોડીજ વારમાં ત્હેનાથી સંબંધ રાખવાવાળા પાડોસીઓના મકાનો સુધી આ ખબર પહોંચી ગઈ.

જ્યહારે સુલસાએ પોતાના પ્રાણનાથ પતિની ચિન્તાના સમાચાર સાંભળ્યા, ત્યહારે તે તુરન્ત દોડીને ત્હેની પાસે આવી. પોતાના પતિની આવી ઉદાસીનાવસ્થા અને માથું ઝુકાવેલું દેખીને સુલસા વ્યાકુલ થઈ ગઈ અને કોમલ શબ્દોમાં પૂછવા લાગી:—

"હે પ્રાણપ્રિય! આપ આજે આટલા ઉત્સાહ રહિત કેમ છો ? આજ આપનું મુખારવિન્દ કેમ ઉતરી ગયેલું દેખાય છે ? શું આપનું, મહારાજ શ્રેણિકે કંઈ અપમાન કર્યું છે ? રાજ્યચ્યુતની માફક આપ પ્રતિભાહીન કેમ દેખાઓછો ? આપને કઈ વાતની ચિન્તા છે ?"

આ પ્રમાણેનાં વચનો સાંભળી નાગસારથીએ મસ્તક ઉંચું કર્યું, પરન્તુ કંઈ જવાબ ન આપ્યો. નાગસારથીની મુખાકૃતિ એવી માલૂમ પડતી હતી કે- જહેમ કોઈ ભયભીત પુરૂષ શત્રુદલમાં ફસાઇને કર્તવ્ય વિમૂઢ થઈ ગયો હોય, અથવા કોઈ નાવ ચલાવવાવાળાની ડાણ છુટીને પાણીમાં ચાલી ગઈ હોય અને તે પ્રવાહને દેખીને ગભરાઈ ગયો હોય.

આ પ્રમાણેની અવસ્થા દેખીને સુલસા અધિક ગભરાઈ,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને બોલી:—

" હાય ! હાય ! ! બોલતા પણ નથી. આજ ત્હમને શું થઈ ગયું ? શું કંઈ ભૂમિમાં દાટેલો ખજાનો ચોર લેઈ ગયા? અથવા કોઈ આપનો મહેલ ભસ્મ થઈ ગયો, અથવા કોઈ સ્વરૂપવાળી સ્ત્રીની દૃષ્ટિ આપના હૃદયમાં સમાઈ ગઈ, કે જ્હેના વિયોગમાં આપ આટલા આકુલિત થઈ રહ્યા છો ? હે પ્રાણનાથ ! શું મ્હારાથી પણ કંઈ છાની રાખવાની વાત છે ? જો નથી તો પછી આપ શામાટે બોલતા નથી ? "

આટલું કહેવાની સાથે સુલસાનું હૃદય ભરાઈ આવ્યું અને ત્હેના નેત્રોથી પાણી ડબ ડબ વહેવા લાગ્યું, આવું દેખીને નાગસારથીએ ધીરેથી કહ્યું:—

" હે પ્રિયે ! મ્હારા માટે આ જગત્‌માં એવી કોઈ પણ વાત નથી કે– જ્હે ત્હારાથી છાની રાખવા લાયક હોય, મ્હને કોઈ પણ જાતનું દુઃખ નથી. આ ચિત્ત છે, ત્હેની અંદર અનેક પ્રકારના તરંગો ઉઠયા કરેછે. ચિત્ત વિદ્યુતની સમાન ચંચલ છે. જે ભાવ મનમાં ઉદય થઈ જાય છે, ત્હેનો પ્રભાવ કંઇને કંઈ અવશ્ય પડેછે. "

આ પ્રમાણે સાંભળી લેઈ સુલસાએ ફરીથી પૂછયું:—

" હે સ્વામિન્ ! આપનું કહેવું ઘણું જ ઠીક છે. મન, જલાશયની માફક કદી સ્થિર નથી રહેતું, પરન્તુ આપના ચિત્તમાં એવો કયો ભાવ ઉત્પન્ન થઈ ગયોછે કે જ્હેણે આપને આવી રીતે આકુલિત કરી દીધા ? કૃપા કરીને મ્હને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આપના હૃદયનો યથાર્થ હાલ કહો. ”

તે ઉપર નાગસારથીએ કહ્યું:-“ હે પ્યારિ ! મ્હારા ધ્યાનમાં એમ આવ્યું કે- અમારૂં આજે અસંખ્યાત ધન છે, સામ્રાજ્યનું સુખ દેવાવાળી જે સમ્પદા છે, ત્હેને અમારી પાછળ કોણ ભોગવશે? અમારા નોકર ચાકરો અને દાસ-દાસીઓની શી દશા થશે ? પુત્રના અભાવથી મ્હારૂં ચિત્ત ધન-ઐશ્વર્યના ધ્યાનમાં અન્ત સમયમાં પણ રહેશે. આજ વિચાર મ્હારા મનને આકુલિત કરી રહયોછે. પુત્ર વિના સંસારનાં દરેક સુખો વ્યર્થ છે. પુત્રહીનનો સ્નેહ ધન તરફથી કદિ નથી હઠતો, કિન્તુ પુત્રવાનને ઉત્તરાધિકારી હોવાથી સન્તોષ રહેછે, અત એવ પુત્ર વિના મનુષ્ય અનેક પ્રકારની લાલસાઓના બંધમાં પડેછે. હે પ્રિયે! આજે મ્હને પુત્રની ચિન્તાજ અત્યન્ત દુ:ખિત કરી રહી છે. ”

સ્વામીનાં આ વચનો શ્રવણ કરીને સુલસાએ પુન: કહેવું આરંભ કર્યું:—

“ હે પ્રાણેશ્વર ! આપનો વિચાર સંપૂર્ણ રીત્યા ઠીક નથી, શું નરકમાં પડતા મનુષ્યોને પુત્રો બચાવી શકેછે ? મનુષ્યને પોતાના દુષ્કૃત્યનું ફળ પોતાનેજ ભોગવવું પડેછે. જુઓ, બ્રહ્મદત્ત ચક્રવર્તિના ઘણા પુત્રો હતા, પરન્તુ તેનું દુષ્કૃત્ય એવું હતું કે તેને વૃદ્ધાવસ્થામાં અન્ધ થવુંજ પડયું. સાચું પૂછો તો પુત્રોથી હાનિ પણ થાયછેજ. જુઓ ધૃતરાષ્ટ્રના ગોત્રનો, પુત્રોથીજ ક્ષય થયો, રાવણના પિતાનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વંશ પુત્રથીજ કલંકિત થયો. અને સગર ચક્રવર્તી, સાઠ હજાર પુત્રોના દુઃખથીજ મૃત્યુ પામ્યા. હે સ્વામિન્ ! આત્મ કૃત્ય વિના ઘણા પુત્રોથી કંઈ સ્વર્ગ યા મોક્ષ નથી પ્રાપ્ત થતાં. અત એવ આપની તે ચિન્તા ઠીક નથી. ”

સુલસાએ પોતાના પતિને આવી રીતે બહુજ સમજાવ્યા, પરન્તુ ત્હેના ચિત્તમાં પોતાની વિચારેલી વાતનો આગ્રહ તેનો તેજ રહ્યો. નાગસારથી કહેવા લાગ્યો:—

“ હે કાંતે ! હું તે બધી વાતોને જાણું છું. પરન્તુ મ્હારૂં મન ધૈર્ય ધારણ નથી કરતું. જડ મનુષ્યને પોતાનું હૃદય શૂન્યજ માલૂમ દેખાય છે. અને દરિદ્રીના હિસાબમાં સારો સંસાર સૂનો રહેછે. જેના ઘરમાં બાળક નથી ખેલતા, તે ઘર જંગલ સમાન છે. સંસારમાં મનુષ્યને માટે ત્રણજ પરમ સુખની વસ્તુઓ છે. એક કોમલવચના સુંદરી પત્ની, વિનીત પુત્ર અને સત્સંગસેવી મિત્ર; જ્હેને આ વસ્તુઓની પ્રાપ્તિ નથી થઈ તે સંસારમાં વાસ્તવિક સુખી નથી. જ્હેવી રીતે એક સુગન્ધિત ચન્દન વૃક્ષથી સમ્પૂર્ણ વન સુગન્ધિત થઇ જાય છે, ત્હેવી રીતે એક સુપુત્રથી આખા વંશની શોભા વધેછે. જ્હેવી રીતે મદના પ્રવાહથી ગજરાજની શોભા થાય છે, ખીલેલાં કમળોથી તલાવની સુંદરતા વધેછે, પંડિતોથી વિદ્વાન્‌ની સભા શોભિત થાય છે, ત્હેવીજ રીતે સુપુત્રથી મનુષ્યના કુલની પ્રતિભા અધિક થાય છે.

આ પ્રમાણેનાં વચનો સાંભળી સુલસાએ કહ્યું:-

“ હે પ્રાણેશ ! જ્યહારે તેમ છે તો આપ પોતાની મનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કામના પુરી કરવાને માટે કોઈ બીજી ભાગ્યશાલિ સ્ત્રી-ની સાથે વિવાહ કરી લ્યો. સંભવ છે કે- મારાંજ પૂર્વ-કૃત્યનાં કારણથી સંતતિવિચ્છેદનો યોગ થયો હોય. ”

નાગસારથીએ કહ્યું:-“ કોઇ મ્હને રાજ્ય આપી દે તો પણ હું બીજી સ્ત્રીથી વિવાહ કરવાને નથી ચાહતો, કેમકે ખીરનું ભોજન કર્યા પછી ઘેંશ ખાવાની કોણ ઇચ્છા કરે ? યદિ પુત્ર ત્હારાજ ગર્ભથી ઉત્પન્ન થશે તો મ્હારી પ્રસન્નતાનું કારણ થશે. અન્ય વિવાહ કરીને પુત્રની કામના કરવી મ્હને સ્વ-પ્નમાં પણ સ્વીકૃત નથી. ”

આટલું કહીને નાગસારથી મકાનથી બહાર નિકલી બગીચામાં ચાલ્યો ગયો, અને પતિવ્રતા સુલસા ત્હાંજ બેઠી વિચાર કરવા લાગી, સુલસાના ચિત્તમાં અનેક પ્રકારના તરંગો ઉઠવા લાગ્યા. કોઈ વખત ત્હેના ચિત્તમાં પોતાના પતિની ચિંતાનું સ્મરણ કરીને વ્યાકુલતા વધી જતી, તો કોઇ વખતે તે પોતાના પુત્રહીન કુલનું ધ્યાન કરીને દીર્ઘ નિઃ-શ્વાસ નાખતી, જ્યહારે કોઈ વખતે સંતાનોત્પત્તિના ઉપાયોને વિચારતી. એવી રીતે વિચાર સાગરમાં ડુબેલી સુલસા ત્હાં બેઠીજ હતી, તેટલામાં એકાકી ત્હેનું મન પ્રફુલ્લિત થઈ ગયું. માનો તેને કોઈ નિધિજ પ્રાપ્ત થઇ ગયો ! સુલસા ધીર-ભાવથી બેસીને પોતાના મનમાં એમ કહેવા લાગી:—

“ મનુષ્યની બુદ્ધિ, જગતના પ્રપંચોમાં પડીને, યથાર્થને અયથાર્થ માનીનેજ શોકનું કારણ બનેછે. સાચા ઉપાયોનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યાગ કરીને મનુષ્ય આમ તેમ દોડતો ફરેછે. એવું કોણ ઇપ્સિત કાર્ય છે કે– જે ભક્તિથી આરાધન કરેલો ધર્મ ન કરી શકે ? શ્રેષ્ઠ કુલ, પરસ્પર પ્રેમ, દીર્ઘાયુ, આરોગ્યતા, સત્સંગ વિગેરે જે કંઇ છે, તે દરેક ધર્મના પ્રભાવથીજ પ્રાપ્ત થઈ શકે છે. અત એવ મ્હારે પણ બીજા બધા ઉપાયોનો ત્યાગ કરીને કેવલ ધર્મનીજ આરાધના કરવી જોઇએ. જે સાંસારિક વસ્તુ અનેક ઉદ્યમ કરવાથી પણ પ્રાપ્ત નથી થઈ શકતી તે પણ ધર્મ આરાધન કરવાથી સહજમાં મળી શકેછે. જ્હે મ્હોટા મ્હોટા ભયંકર રોગો પ્રસિદ્ધ વૈદ્યો દ્વારા અસાધ્ય ઠરાવવામાં આવેછે, તે પણ કેવલ ધર્મના પ્રતાપથી વાત વાતમાં સારા થઈ જાય છે. દમયન્તી જેવી સ્ત્રીનાં દુઃખો કેવલ શીલ અને જૈન ધર્મપરાયણતાથીજ નષ્ટ થયાં છે.”

આ પ્રમાણે ધર્મ પર પ્રગાઢ શ્રદ્ધા રાખીને સુલસા દેવીએ ધર્માનુષ્ઠાનનો મનમાં દઢ સંકલ્પ કર્યો. તે હમેશાં પ્રાતઃકાલ ઉઠતી, શુદ્ધ ચરિત્રધારક મુનિરાજોને આહાર-વસ્તુઓનું દાન દેતી, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘનું પૂજન કરતી, સુલસાએ બ્રહ્મચર્યને ધારણ કર્યું, અને હમેશાં ભૂમિપર શયન કરવા લાગી. તે સિવાય ત્હેણે આયંબિલ આદિ કેટલીક ઉત્કૃષ્ટ તપશ્ચર્યા પણ શરૂ કરી. અને થોડા સમયમાં સુલસા દેવીની ધર્મપરાયણતા સંસારમાં વિખ્યાત થઈ ગઈ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# તૃતીય પ્રકરણ.

જ્યહારે ભારતવર્ષમાં ધર્મની સાચી સાત્વિકી આરાધના હતી, ત્યહારે અહિંથી અને દેવલોકથી વ્યવહારનો સંબંધ લાગેલો હતો. દેવલોકથી બરાબર દેવતાઓ અહિં આવીને ધર્મ કાર્યોમાં સહાયતા કરતા હતા, એક દિવસ પ્રાતઃકાલ ઇંદ્રનો નૈગમેષી નામક અનુચર દેવલોકથી નીચે આવી રહયો છે. ત્હેને નીચે ઉતરતો દેખી એક દેવતાએ આવીને માર્ગમાં ત્હેનો સમાગમ કર્યો. આ બન્નેના સમાગમમાં તેઓને આપસમાં આ પ્રકારે વાર્તા થવા લાગી:—

દેવ— કહો નૈગમેષીજી! આજ તો ત્હમે ઘણાજ પ્રસન્ન દેખાઓછો.

નૈગમેષી—અમારે પ્રસન્ન થવામાં શું સન્દેહ છે? અમે ઈન્દ્ર દેવના અનુચરો હમેશાં આનંદમાં નિમગ્નજ રહીએ છીએ. ત્હેમાં વળી આજનું તો પૂછવુંજ શું?

દેવ—આજ વિશેષ આનંદનું શું કારણ છે?

નૈગમેષી—હે દેવ! ધર્મ કાર્યની ઉન્નતિ દેખીને કોને હર્ષ નહીં થતો હોય? ધર્મજ આત્માને યથાર્થ પદપર પ્રતિષ્ઠાપિત કરેછે. ધર્મજ દરેક સુખનું મૂલ છે. ત્હેની ઉન્નતિ દેખીને પ્રસન્નતાનું થવું, સ્વાભાવિકજ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેવ—તે તો ઠીક છે, કિન્તુ આજ કોણ એવું મહદ્ધર્મ કાર્ય થયું છે, જે આપ આમોદ પ્રવાહમાં પડીને ગદગદ થઈ રહ્યાછો ?

નૈગમેષી—કાલે ઈન્દ્ર દેવની મહાસભામાં ઘણીજ ધૂમધામ હતી. અનેક દેવગણ, પોત પોતાના સ્થાન પર બિરાજ્યા. અરે મિત્ર! કાલે ઘણોજ આનંદ હતો. કાલની સભામાં મર્ત્યલોકના ધાર્મિક પુરૂષોની ચર્ચા ચાલી. ત્હેમાં ખુદ ઈન્દ્ર મહારાજે કેટલાકની ધાર્મિક વૃત્તિની પ્રશંસા કરી, કેમકે કહ્યું પણ છે કે:—

"शश्वद् गुणग्राहपरा भवन्ति
स्वयं हि सन्तः सुकृतैकचित्ताः ॥"

અર્થાત્ સુકૃતમાં એકચિત્તવાળા સંત પુરૂષો પોતાની મેળેજ હમેશાં ગુણ ગ્રહણ કરવામાં તત્પર રહેછે.

દેવ—તો શું સ્વયં ઈન્દ્રદેવે કોઇની પ્રશંસા કરી કે ?

નૈગમેષી—ત્યહારે કહું છું શું ? અરે ભલા ભાઈ ! એકના ધર્માચરણની સ્વયં ઈન્દ્ર મહારાજે પોતાના મુખથી પ્રશંસા કરી.

દેવ—તે કોણ એવો ભાગ્યશાલી જીવ છે, જ્હેનો ગુણાનુવાદ સ્વયં દેવરાજે પોતાના મુખથી કર્યો ?

નૈગમેષી—મહારાજ ઈન્દ્રદેવે એક સ્ત્રીની ધર્મ પ્રભાવનાનું કથન સ્વયં પોતાના હૃદયથી કર્યું, અને કહ્યું કે:-તે સ્ત્રી પોતાના ધર્મના પ્રભાવથી અત્યુકૃષ્ટ પદવીને પ્રાપ્ત કરશે ત્હેમાં સન્દેહ નથી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દેવ—હે મિત્ર ! નૈગમેષી ! ત્હમારા આ કથનથી મ્હને બહુજ આશ્ચર્ય થયું. એવી કોણ ભાગ્યશાલિની વનિતા છે, જે સ્વયં ઈન્દ્રરાજની પ્રતિષ્ઠાનું ભાજન થઈ?

નૈગમેષી—તે છે રાજગૃહ નગરીની રહેવાવાળી, નાગ-સારથીની ધર્મપત્ની સુલસા.

દેવ—ધન્ય છે સુલસા ! જે તું સુરરાજ ઈન્દ્રદેવની સભામાં પ્રતિષ્ઠાની અધિકારિણી થઈ.

નૈગમેષી—નિઃસન્દેહ તે ધન્ય છે, અને ધન્ય છે ત્હેના પતિને કે જ્હેને પૂર્વ સુકૃત્યથી તે સ્ત્રીરત્ન પ્રાપ્ત થયું. અને ધન્ય છે તે નગરીને કે જ્યહાં ત્હેના શુદ્ધાચરણથી ભૂમિ પવિત્ર થઈ રહી છે.

દેવ—ઠીક ! તો હવે આપ ક્યહાં જાઓ છો ?

નૈગમેષી—તેજ સુલસા દેવીની ધાર્મિક પરીક્ષા લેવાના નિમિત્તથી હું જાઉં છું. અને ત્હેને દેખીને વરદાન દેવાની મ્હારી કામના છે.

આટલી વાતચિત થયા બાદ તે બન્ને એક બીજાથી અલગ થઈ વિદાય થયા- દેવે ઈન્દ્રલોક તરફ પ્રસ્થાન કર્યું. જ્યહારે નૈગમેષી પોતાનું રૂપ બદલીને મર્ત્યલોક તરફ ચાલ્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ચતુર્થ પ્રકરણ.

એક મ્હોટું સુંદર ઘર બનેલું છે. જહેના ઉપર સોના અને ચાંદીના કળશો ચમકી રહ્યા છે. રંગ-બેરંગની ધ્વજાઓ ફરકી રહી છે. ઉપરથી નીચે સુધી સંપૂર્ણ ઘર અનેક પ્રકારના ઉત્તમોત્તમ પદાર્થોથી સુસજ્જિત છે. ત્હેની અંદર ચારે તરફ સંગમરમર જડેલો છે અને દરેક પ્રકારની સુખ સામગ્રીથી પૂર્ણ છે. જ્યહાં ત્યહાં દાસદાસીઓ કામ કરી રહેલી દેખાય છે. કોઈ કોઈ સ્થાને અન્નના ઢગલા દેખાય છે તો કોઈ સ્થળે બહુમૂલ્ય રત્નોની પ્રભા, પોતાની ચમક બતાવી રહી છે.

આવા સુંદર મકાનમાં સુલસા દેવી એક આસન ઉપર બેઠી બેઠી કંઈ કામ કરી રહી છે, ત્હેવામાં સ્હામેથી ત્હેને કંઈક દેખાયું. દેખતાની સાથે પોતાનું કામ છોડીને સુલસા ઉભી થઈ ગઈ. સુલસા શું દેખે છે?:— એક સૌમ્યરૂપ મુનિ, ઈર્યાદ્રસનથી ઉભા છે. તેઓની મુખાકૃતિથી કાન્તિનો પૂંજ પ્રકાશિત થઈ રહ્યો છે. યદ્યપિ તેઓએ કોઈ બહુમૂલ્ય પોશાક નહોતો પહેર્યો, તથાપિ સ્વરૂપની પ્રતિભા મનમાં એક પ્રકારનો ભય ઉત્પન્ન કરેછે. તેઓને દેખતાની સાથેજ સુલસા પોતાના મનમાં વિચાર કરવા લાગી:—

" મનુષ્યત્વનું એજ ફળ છે કે— પોતાના માટે બનાવેલા



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આહાર તથા પાણીમાં, મુનિરાજોનો પણ ભાગ નિયત કરવામાં આવે. જ્હેવી રીતે વૃક્ષોને સિંચન કરવાથી તે ફલ દાયક થાય છે, ત્હેવીજ રીતે ઉત્તમ મુનિરાજોને દાન દેવું, પૂજન કરવું, અને યથોચિત સત્કાર કરવો, તે પણ સમૃદ્ધિનું કારણ થાય છે. આ સંસારની અંદર જે, મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને પરોપકાર નથી કરતા, અથવા યથાશક્તિ સુપાત્રમાં દાન નથી દેતા, તેઓનું જીવન પશુસમાનજ છે. બલકે એમ કહેવું અનુચિત નહિં લેખાય કે– તે પશુઓથી પણ અધમ છે. કેમકે પશુઓનાં ચર્માદિકથી પણ કંઈક ઉપકાર જરૂર થાય છે, પરન્તુ ત્હેવા મનુષ્યોથી તો તે પણ સાધન થઈ શકતું વથી."

આ પ્રમાણે ઘણો એક વિચાર કરીને દાન દેવામાં ઉત્સુક સુલસા દેવી શીઘ્ર બહાર આવી, અને મુનિને સાદર પ્રણામ કરીને પ્રાર્થના કરવા લાગી:—

"હે જંગમ તીર્થ! હે નિષ્પાપ! આપે આ દ્વાર ઉપર પધારીને મ્હોટી કૃપા કરી છે, આપના આગમનથી હું કૃતકૃત્ય થઈ ગઈ. આપ કૃપા કરીને જે આવશ્યકતા હોય તે કહો."

મુનિએ તે વખતે લક્ષપાક તેલની યાચના કરી, લક્ષપાક તેલ, તે દિવસોમાં બહુમૂલ્ય વસ્તુઓમાંનું હતું. અને ઘણીજ કઠિનતાથી તે મળતું હતું. પરન્તુ સુલસા દેવીના ઘરમાં ત્રણ ઘડા તે તેલના હતા. મુનિના મુખારવિંદથી 'લક્ષપાક' તેલનું નામ નિકલતાની સાથેજ સુલસાએ ઘણી ભક્તિ અને શ્રદ્ધાની સાથે લક્ષપાક તેલ લેવા માટે ઘરમાં પ્રવેશ કર્યો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અને એક ઘડો ઉઠાવીને મુનિરાજને દેવા માટે ચાલી. દૈવ યોગથી તે ઘડો તુરત હાથથી છુટી ગયો અને ફૂટી ગયો. ત્હેની કંઈ પણ ચિન્તા ન કરતાં શ્રદ્ધાપૂર્વક સુલસાએ બીજો ઘડો ઉઠાવ્યો. પરન્તુ તે ઘડો પણ ધડાક કરતો ફૂટી ગયો. હવે સુલસાની પાસે એકજ ઘડો અવશિષ્ટ રહી ગયો હતો, કિન્તુ દાનવતી સુલસાનું ધાર્મિક ચિત્ત લગાર માત્ર પણ શ્રદ્ધાથી હઠયું નહિં. સુલસાએ જ્હેવો ત્રીજો ઘડો ઉઠાવ્યો, ત્હેવોજ દૈવયોગથી તે પણ ધમ્.....કરતો ફૂટી નીચે પડયો. આ સમયે સુલસાના ચિત્તમાં લક્ષપાક તેલ નષ્ટ થવાની જરા પણ ચિન્તા ન થઈ. પરન્તુ તે એથી વ્યાકુલ થઈ ગઈ કે મુનિરાજની યાચનાને તે પૂરી ન કરી શકી.

આ સમયે સુલસા શું દેખે છે કે- જે સ્હામે મુનિનું સ્વરૂપ ધારણ કરી દ્વાર પર ઉભા હતા, ત્હેનું સ્વરૂપ એકાકી કંઇનું કંઈજ થઈ ગયું. તે દેવનાં દર્શન કરીને સુલસાને ઘણું આશ્ચર્ય થયું. સુલસા હાથ જોડીને દેવની સામે ઉપસ્થિત થઈ ગઈ. ત્સ્હારબાદ દેવ સુલસા પ્રત્યે કહેવા લાગ્યો:—

" હે દાનવતિ! હું ત્હારી શ્રદ્ધા અને ભક્તિથી અત્યન્ત પ્રસન્ન છું. મ્હેં ઇંદ્રની સભામાં ત્હારી પ્રશંસા સાંભળી હતી, અને ત્હેની પરીક્ષા કરવાને માટેજ હું અહિં આવ્યો હતો. મ્હારૂં નામ 'હરિણેગમેષી' ( નૈગમેષી ) છે. ત્હારા દર્શનની ઇચ્છાથી હું દેવલોકથી અહિં આવ્યોછું. અત એવ હે સુમુખિ ! જહે ત્હારી ઇચ્છા હોય તે વર માગ ! "

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ પ્રમાણે સાંભળી સુલસાએ હાથ જોડીને કહ્યું:— “ હે ઇન્દ્રલોકનિવાસિન્ ! આપ સ્વયં દરેક જાણોછો, તો મ્હારા અંતઃકરણમાં જે પુત્રપ્રાપ્તિની ઇચ્છા છે, તે શું આપનાથી છાની હોઇ શકે ? ”

દેવે સુલસા દેવીની તે યાચના જાણીને ત્હેને બત્રીસ ગોળીઓ આપી, અને કહ્યું કે:—“ આ ગોળીઓ તું ક્રમશઃ એક એક ખાજે, ત્હેના પ્રભાવથી ત્હને બત્રીશ પુત્રની પ્રાપ્તિ થશે. ” અને એમ પણ કહ્યું કે:— “ જ્યહારે તું મ્હને સ્મરણ કરીશ, ત્યહારે હું આવીને ઉપસ્થિત થઇશ. ”

બસ ! એટલું કહી નૈગમેષી દેવ અંતર્દ્ધાન થઇ ગયો. ત્હેના ગયા બાદ સુલસાએ પોતાના ચિત્તમાં વિચાર કર્યો:— “ યદિ મ્હારે બત્રીશ પુત્ર થશે, તો દરેકનું પાલન પોષણ કરવામાંજ મ્હારો સમય નષ્ટ થઇ જશે. અને ત્હેથી મ્હારા ધાર્મિક કાર્યમાં ઘણી હાની પહોંચશે. દેવતાની દીધેલી આ ગોળીઓના પ્રતાપથી મ્હારે બત્રીશ લક્ષણોથી યુક્ત યદિ એકજ પુત્ર થાય તો ઉત્તમ છે. કેમકે પરાક્રમી અને દરેકને પ્રિય એવો એકજ પુત્ર હોવો શ્રેષ્ઠ છે. જહેવી રીતે સંસારમાં અન્ધકારને નાશ કરવા માટે એકજ ચંદ્રમા સમર્થ છે, કિન્તુ અનેક તારાઓથી કંઇ વળતું નથી, હજારો ગાયો કરતાં એકજ કામધેનુ હોય તો વધારે સારી, હજારો કાચના ટુકડાઓ કરતાં એકજ ચિન્તામણિ હોય તો વધારે સારૂં. રાગ-દ્વેષયુક્ત, બિભત્સ રૂપોને ધારણ કરવાવાળા અનેક દેવોની આરાધના કરવા કરતાં એક જિનેશ્વર દેવની આરાધના કરવી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વધારે સારી કે જ્હેથી સમસ્ત પ્રકારનો વૈભવ પ્રાપ્ત થાય. ત્હેવીજ રીતે સિંહ સમાન એકજ પુત્ર સારો, પરન્તુ શૃગાલ જેવા અનેક પુત્રોથી શું પ્રયોજન ? કેમકે કોઇ કવિએ ઠીકજ કહ્યું છે કે:—

"एकेनापि सुपुत्रेण सिंही स्वपिति निर्भयम् ।
सहैव दशभिः पुत्रैः भारं वहति गर्दभी ॥ "

અર્થાત્ એકજ સુપુત્રથી સિંહણ નિર્ભય થઇને સુઇ રહે છે, અને દશ પુત્રોની સાથે પણ ગર્દભી ભારજ વહન કરેછે."

આ પ્રમાણે વિચાર કરી સુલસા સતીએ ૩૨ ગોળીઓ એકી સાથે ખાઇ લીધી. કેટલાક સમય સૂધી તે ધર્માચરણની સાથે પોતાનો સમય વ્યતીત કરતી રહી, પરન્તુ દેવની દીધેલી તે ૩૨ ગોળીઓના પ્રતાપથી ત્હેના ગર્ભમાં ૩૨ બાળકોની એકી સાથે ઉત્પત્તિ થઇ. ધીરે ધીરે ૩૨ ગર્ભની પીડા સુલસાને વધવા લાગી. વાત પણ ઠીક છે. કેમકે જે પાત્રમાં એક શેર અનાજની જગા હોય ત્હેની અંદર ૩૨ શેર અનાજ કેવી રીતે આવી શકે ? તે ૩૨ ગર્ભોની પીડાથી સુલસા ઘણીજ વ્યાકુળ થઇ ગઈ અને અધિક અધિક ગભરાવા લાગી. દિવસે દિવસે ત્હેનું કષ્ટ વધવા લાગ્યું, અને તેથી સુલસાને અનુભવ થવા લાગ્યો કે- 'હવે આ શરીર રહેશે નહિં, અને જીવન નષ્ટ થઈ જશે.' આવી આપત્તિ સમયમાં સુલસાએ એક દિવસ તે દેવતાનું સ્મરણ કર્યું કે જે દેવતાએ તે ૩૨ ગોળીઓ આપી હતી; દૈવીય બલથી દેવતા ફેરને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યહાં આવી ઉપસ્થિત થયો.

દેવતાએ પૂછ્યું-" હે સુદેવભક્તિસમ્પન્ના આર્યે ! ત્હેં શા કારણથી મ્હારૂં સ્મરણ કર્યું? ત્હારે માથે એવી કોણ વ્યથા આવી પડી ? "

દેવતાનું આ વચન સાંભળી સુલસાએ પોતાની સમસ્ત કથા કહી સંભળાવી, તે સાંભળી દેવે કહ્યું:—

બત્રીસ ગોળીઓ એકી સાથે ખાવાનું કાર્ય તેં અણવિચાર્યું કર્યું છે. આ બત્રીસ ગોળીઓ એકી સાથે ખાવાનું ફળ એજ થશે કે- સમાન આયુષ્યવાળા ૩૨ પુત્રો એક સાથે ઉત્પન્ન થશે. યદિ એક એક ગોળી અલગ અલગ ખાધી હતે, તો ભિન્ન ભિન્ન અવસ્થાવાળા ધીર-વીર-ગંભીર અને પરાક્રમી ૩૨ પુત્રો ઉત્પન્ન થતે. "

દેવની આ વાત સાંભળીને સુલસાએ કહ્યું:— " આ જીવને જે કર્મોની સાથે જે સંબંધ લાગેલો છે, ત્હેનું ફળ અવશ્ય ભોગવવું પડશે. સંસારમાં આ નિયમથી કોઇનો છુટકારો થઈ શકતો નથી. યદિ આ સાર્વભૌમિક નિયમ ન હોત તો, પાણીના મધ્યભાગમાં એક સ્તંભ ઉપર મહેલ બનાવીને રહેવાવાળો પરીક્ષિત રાજા શામાટે મરત? જહેને જહે પ્રકારે હાનિ અને લાભ થવાનો હોય છે, ત્હેને તે પ્રકારે અવશ્ય થાય છે. વિચાર કરી દેખવામાં આવે તો હાનિ-લાભ પણ અવસ્થા અનુસારજ બન્યા કરેછે, કેમકે એકજ વસ્તુમાં એકને લાભ થાય છે અને બીજાને નુકશાન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થાય છે. હાનિ-લાભનો સંબંધ પૂર્વકર્મોની સાથે લાગેલો છે. અને કર્મ અનુસારજ મનુષ્યની બુદ્ધિ પણ બદલાતી રહેછે. યદિ કર્મ અનુસાર પૂર્વ કૃત્યથી બુદ્ધિ ન બદલાતી હોય, તો પરમ ધાર્મિક ધર્મનો પુત્ર રાજા યુધિષ્ઠિર જુગાર શામાટે ખેલત? મનુષ્ય વિચારે છે કંઈ, અને ફળ થાય છે કંઈનું કંઈ. કહ્યું પણ છે કેઃ—

"कर्मणो हि प्रधानत्वं किं कुर्वन्ति शुभा ग्रहाः।

वशिष्टदत्तलग्नोऽपि रामः प्रव्रजितो वने ॥"

સુલસાની આ વાતથી નૈગમેષી અત્યન્ત પ્રસન્ન થયો અને કહેવા લાગ્યો કે—"હે સુલસે! તું જેવી ધાર્મિક છે, ત્હેવીજ જ્ઞાનવાળી અને યથાર્થ વિચાર કરવાવાળી પણ છે. તેં કહ્યું તે ઘણુંજ ઠીક કહ્યું છે કે કર્મની પ્રધાનતા આગળ શુભ ગ્રહો પણ કંઈ કરી શકતા નથી. કેમ કે વશિષ્ટઋષિ દ્વારા, રાજ્યાભિષેકને માટે સ્થિર કરેલ મુહૂર્તમાં રામચંદ્રજીને, વનવાસ માટે ઘરથી નિકળવું પડયું"–

આ પ્રમાણે સાંભળી સુલસાએ કહ્યું–"હે દેવ! મ્હારામાં કોઈ એવી મ્હોટી વિદ્યા નથી, હું તો કેવલ ભગવાનનું પૂજન કરવુંજ મુખ્ય સમજી બેઠી છું, તેઓના પ્રસાદથી મ્હારૂં ધન-જન-સ્વભાવ દરેક સ્વયં વધતુંજ ચાલ્યું આવ્યું છે. હે નૈગમેષી! જે કંઈ છે, તે, કોઈ પૂર્વ કર્મનુંજ ફલ છે, કેમકે અમારૂં વિચાર્યું કંઈજ થતું નથી. વનવાસ જવા સમયે રામચંદ્રજીએ ઠીકજ કહ્યું હતું કેઃ—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"यच्चिन्तितं तदिह दूरतरं प्रयाति
यच्चेतसा न गणितं तदिहाभ्युपैति ।
प्रातर्भवामि वसुधाधिपचक्रवर्ती
सोऽहं व्रजामि विपिने जटिलस्तपस्वी ॥

હે દેવ! રામચંદ્રજીએ ઠીકજ કહ્યું હતું કે—જે વાત મનમાં વિચારો તે દૂર ચાલી જાય છે, અને જહેનું મનમાં જરા પણ ધ્યાન નહોતું તે આગળ આવીને ઉભું રહે છે. હું પ્રાતઃકાલમાં આખી પૃથ્વીનો ચક્રવર્તી રાજા થઈશ, એ પ્રમાણે એકજ દિવસ પહેલાં વિચાર કરી રહ્યો હતો, તેજ હું જટા ધારણ કરીને તપસ્વીની માફક જંગલમાં જઈ રહ્યો છું. હે દેવ ! આ ભવમાં કર્મજ પ્રધાન છે. 'कर्मणो गहना गतिः' કર્મની ચાલ સમજવી બહુજ કઠિન છે."

આટલું કહી સુલસાએ સહર્ષ ચિત્તથી દેવની તરફ દેખ્યું અને પાછી કહેવા લાગી:—

"હે ઈન્દ્રલોકના વાસી દેવ ! હું તે વાતનો શોક પણ નથી કરતી. કેમકે ' बुद्धिः कर्मानुसारिणी ' જહેવું થવાનું હોય છે, ત્હેવી બુદ્ધિ પણ થઈ જાય છે; તેજ સનાતનનો નિયમ છે, અત એવ જે થયું તે ખરૂં. હવે મ્હને તે સંબંધી કંઈ ચિન્તા નથી. યદિ ત્હમારા અનુગ્રહથી મ્હારી પીડા કમ થઈ જાય તો શ્રેષ્ઠ છે. નહિં તો હું તો મ્હારાં કરેલાં કર્મનું ફળ ભોગવવાને માટે તૈયારજ છું."

સુલસાની આટલી વાત સાંભળી નૈગમેષી દેવે ઈન્દ્ર લોક તરફ પ્રયાણ કર્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# પંચમ પ્રકરણ.

સુલસા દેવીની ગર્ભપીડા દેવના પ્રસાદથી કંઈક કમતી તો અવશ્ય થઈ ગઈ, અને તે ગર્ભવતીને યોગ્ય આચરણ કરવા લાગી. સુલસાનો પતિ નાગસારથી પણ ગર્ભિણીને મનોવાંછિત યથાર્થ આપીને ત્હેને સંતુષ્ટ રાખતો હતો. બરાબર ૯ માસ અને ૭॥ દિવસો વ્યતીત થયે શુભ મુહૂર્તમાં સુલસાએ ૩૨ પુત્રોને જન્મ આપ્યો.

આ સમયે નાગસારથીને આનંદની સીમા ન રહી. જે મનુષ્ય એક પુત્રના અભાવથી વ્યથિત રહેતો હતો; ત્હેને બત્રીસ પુત્ર રત્નોની પ્રાપ્તિથી અત્યન્ત પ્રસન્નતા શામાટે ન થાય ?. સારથીના ઘરમાં મંગલ ગીત થવા લાગ્યાં. યાચક અને દાસ-દાસીઓને રત્નોનાં ઇનામ આપવામાં આવ્યાં. નાટક-ગાન-મંડલી, કુતૂહલ, ખેલ, તમાસા વિગેરે દરેક પ્રકારથી મંગલનાં કાર્યો નાગસારથીને ઘેર થયાં. એમ અનેક પ્રકારે નાગસારથીએ પુત્ર જન્મનો ઉત્સવ કર્યો.

આ સિવાય ધર્મ પ્રભાવના પણ ઘણીજ સારી કરી. દેવ-ગુરૂ-ધર્મની સેવા કરવામાં અતુલ ધનનો વ્યય કર્યો. સ્વામિવાત્સલ્યાદિથી શ્રીસંઘની પૂજા કરી. બારમા દિવસે પોતાના ગોત્રના વૃદ્ધ તથા માન્ય પુરૂષોને ભોજન તથા



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સન્માન કરીને મ્હોટો મહોત્સવ કર્યો. રાત દિવસ ત્હેના મકાને અનેક પ્રકારનાં વાદિત્ર તો વાગતાંજ હતાં.

દરેકે મળીને તે પુત્રોનું નામ દેવદત્ત એવું રાખ્યું. પુત્રો દિન પર દિન વધવા લાગ્યા- નાગસારથી અને સુલસાદેવી આ પુત્રોની કાલી અને તોતડી ભાષા સાંભળીને દિવસે દિવસે પ્રફુલ્લિત થવા લાગ્યાં. પુત્રોના કોમળ અને મધુર શબ્દો શ્રવણ કરતી વખતે દમ્પતીનો આનંદ સમાતો નહોતો.

જ્યહારે તે બાળકો પાંચવર્ષના થયા. ત્યહારે નાગસારથીએ તેઓને અક્ષરારંભ કરાવ્યો; અને એક પંડિત શિક્ષક તેઓની શિક્ષાને માટે નિયત કર્યો. બાળકોએ થોડાજ સમયમાં વ્યાકરણ-ન્યાય-કાવ્ય આદિ સામયિક વિદ્યાઓમાં અભ્યાસ કરી લીધો અને તેઓ યુદ્ધવિદ્યા શિખવાને માટે ધનુર્વેત્તાની પાસે જઈ શસ્ત્રવિદ્યા શિખવા લાગ્યા.

ભારતવર્ષમાં એક સમય એ હતો કે– જયારે ધનુર્વિદ્યા પ્રધાન ગણવામાં આવતી હતી અને ત્હેનો અભ્યાસ કર્યા વિના ભાગ્યેજ કોઈ મનુષ્ય રહેતો હતો. જ્હેવી રીતે આજ કાલ વિશ્વવિદ્યાલયોમાં બી. એ., એમ. એ. પાસ કરવાની ધૂમ મચેલી છે ત્હેવીજ રીતે તે સમયમાં શસ્ત્રવિદ્યાનો અનુરાગ વધેલો હતો. આ પ્રમાણેની કહેવત ઘરે ઘરે કહેવામાં આવતી હતી કે:—

" शस्त्रविद्या स्वभावेन सर्वाभ्योऽस्ति महीयसी ।
शस्त्रेण रक्षिते राष्ट्रे शास्त्रचिन्ता प्रवर्तते ॥ "

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અર્થાત્ શસ્ત્રવિદ્યા દરેક વિદ્યાઓમાં પ્રધાન છે. કેમકે શસ્ત્રથી રાજ્યની રક્ષા થવાથીજ શાસ્ત્રના વિચારનો પ્રચાર થાય છે.

અત એવ નાગસારથીએ પોતાના પુત્રોને બહોંતર કળાઓનો અભ્યાસ કરાવીને ધનુર્વેદ વિદ્યામાં પણ સારી રીતે શિક્ષા અપાવી.

સમયાનુસાર તે બાળકો સમ્પૂર્ણ વિદ્યાઓમાં પ્રવીણ થઈ મ્હોટા પ્રભાવશાલી તેમ ધાર્મિક બન્યા. જિનેશ્વર ભગવાન્માં પણ તેઓની પૂર્ણ ભક્તિ વધી. તેઓ જેવા વિદ્વાન્ થયા, ત્હેવાજ ધાર્મિક અને દાનશાલી પણ થયા. તે દરેક ભાઈઓને આપસમાં પ્રેમ પણ ઘણોજ ગાઢ હતો. તેઓ બધા પુરૂષાર્થનાં સાધનોને સાધવામાં કટિબદ્ધ રહેવા લાગ્યા- તે સમયે રાજ્ય દ્વારા વિદ્વાન અને વીરપુરૂષોનું સન્માન કરવાનો ચાલ ઘણોજ પ્રચલિત હતો. રાજા શ્રેણિકે તે બત્રીશે વીરોને પોતાનાજ કાર્યમાં નિયત કર્યા. નાગસારથીએ પોતાના પુત્રોનો યથાસમય વિવાહ કર્યો, અને દરેકને સુંદર સ્વરૂપવાળી સુશીલા બત્રીસ બત્રીસ સ્ત્રીઓ પરણાવી. નાગસારથીનું સમસ્ત કુટુંબ આનંદપૂર્વક રહેવા લાગ્યું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ષષ્ઠ પ્રકરણ.

આ સમયે 'વિશાલા' નામની નગરી ઘણીજ પ્રસિદ્ધ હતી. તે નગરીનો રાજા 'ચેટક' પણ સુપ્રસિદ્ધજ હતો. રાજા ચેટકને સાત પુત્રીઓ હતી. તે સાતે ઉત્તમોત્તમ લક્ષણોથી વિભૂષિત અને જિનેશ્વર ભગવાને કહેલ તત્ત્વોમાં નિપુણ હતી. તેમજ ધર્મમાં પણ પૂર્ણ શ્રદ્ધા રાખતી હતી, તે કન્યાઓને દરેક પ્રકારની શિક્ષા મળેલી હતી; આ સાત કન્યાઓમાં પહેલી પાંચનાં નામ આ પ્રમાણે હતાં. ૧ પ્રભાવતી. ૨ શિવા. ૩ મૃગાવતી. ૪ જ્યેષ્ઠા અને ૫ પદ્માવતી. આ સિવાય બે સૌથી ન્હાની કન્યાઓ હતી, જેઓનું નામ 'સુજ્યેષ્ઠા' અને ચિલ્લણા હતું. આ કન્યાઓ એક દિવસ રાજમહેલમાં બેઠી બેઠી વાતો કરી રહી છે, ત્હેવામાં એક પરિચારિકાએ આવીને ખબર આપી કે:— "બહાર એક પરિવ્રાજિકા ઉભી છે, તે આપને મળવાની ઈચ્છા રાખેછે."

આ સમાચાર સાંભળીને બીજી બધી કન્યાઓ તો કંઈ ન બોલી પરન્તુ સુજ્યેષ્ઠા અને ચિલ્લણાએ પરિવ્રાજિકાને મળવાની ઈચ્છા પ્રકટ કરી, અને પરિચારિકાને આજ્ઞા આપી કે– "તે પરિવ્રાજિકાને બોલાવી લાવો."

આ પ્રમાણેની આજ્ઞા પામવાની સાથેજ પરિચારિકા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બહાર ગઈ અને તે પરિવ્રાજિકાને સાથ લેઈ અંત:પુરમાં આવી. આ સાધ્વીનો વેષ ધારણ કરનારી યુવતિનું સ્વરૂપ દેખીને સુજયેષ્ટા અને ચિલ્લણા, બન્નેને ઘણુંજ આશ્ચર્ય થયું. ગેરૂઆ રંગથી રંગેલાં વસ્ત્ર પહેરેલાં છે, હાથમાં કમંડલ અને ત્રિદંડ ધારણ કરેલ છે, મસ્તકમાં ત્રિપુંડ અને કેશ સમૂહને શિરપર લપેટેલો છે. આવી ચિત્રવિચિત્ર રૂપવાળી સાધ્વીને તે રાજકન્યાઓ દેખતીજ રહી, તેટલામાં તો એક આસન ઉપર બેસીને પરિવ્રાજિકાએ પોતાની વાચાલતા આરંભ કરી દીધી. આ સાધ્વીવેષધારિણી વનિતાએ 'હિંસા' આદિ અનેક ગર્હિત કર્માને 'ધર્મ' બતાવીને રાજકન્યાઓનું મન પોતાની તરફ ખેંચવાની કોશિશ કરી. શારીરિક સુખનો ઘણોજ લોભ બતાવી તેઓનું મન વિરૂદ્ધ માર્ગમાં લેઈ જવાનો પ્રયત્ન કરવામાં અનેક પ્રકારની ત્હેણે વાતો બનાવી. થોડો વખત સુધી તો બધી કન્યાઓ ત્હેની વાચાલતાને સાંભલતીજ રહી. અંતમાં અર્હન્ પ્રભુની પરમભક્તા સુજયેષ્ટાથી ન રહેવાયું. તે ક્રોધમાં આવીને વાચાલધર્મપૂરિતા પરિવ્રાજિકા પ્રતિ કહેવા લાગી:—

"હે પરિવ્રાજિકે! બસ! રહેવા દે ત્હારૂં ભાષણ! જીવ દયાનો ત્યાગ કરીને જે પવિત્રતા કહેવામાં આવેછે, તે વાસ્તવમાં પવિત્રતા ન હોઈ શકે. જીવદયાથી વધીને અન્ય કોઈ પવિત્રતા હોઈ શકેજ નહિં. આ લોકની અંદર દયા વિનાનું જે આચરણ, દેવપૂજન, તપ, જપ, ક્ષમા આદિ જે કંઈ આડંબર છે, તે દરેક જલવિહીન ખેતી સમાન નિષ્ફલજ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દયા, તેજ ધર્મરૂપ વૃક્ષનું મૂળ છે. જ્હેમ મૂલ વિના વૃક્ષનું પરિવર્ધિત થવું અસંભવ છે, ત્હેવીજ રીતે દયા વિના ધર્મનું કાર્ય એક પગ પણ આગળ ચાલી શકતું નથી. ”

પરિવ્રાજિકા આ પ્રમાણેનું કથન સાંભળીને પોતાની કપટ માયાનો વિસ્તાર કરવા લાગી, અને બોલી:—

“ તે બધું ઠીક છે, પરન્તુ તે દરેકમાં પ્રધાન બાહ્ય શરીરની શુદ્ધિજ છે. કેમકે શરીર શુદ્ધ થયા વિના ત્હેમાં ધર્મનો લેશ પણ નથી થઈ શકતો. ”

તે ઉપર સુજ્યેષ્ટાએ કહ્યું:- “ આ શરીર તો એવું છે, જ્હેવો મદ્યનો ઘડો. જ્હેવી રીતે મદિરાનું પાત્ર કદાપિ શુદ્ધ થઈ શકતું નથી, ત્હેવીજ રીતે આ શરીર ઉપર મનમાં આવે તેટલા ઘડા પાણીના ભરીને ઢલવો, પરન્તુ તેથી કંઈ વાસ્તવિક અર્થ સાધન નથી થઈ શકતું. હે પરિવ્રાજિકે ! શરીરના ઉપરની ચામડી ધોવાથી ગમે તેવી ઉપરની સ્વચ્છતા માલૂમ પડે, કિન્તુ આત્માની શુદ્ધિ જ્યહાં સુધી યમ-નિયમ દ્વારા નથી થઈ, તો ત્હારી બહારની સ્વચ્છતા બધી નિષ્ફળજ છે. આત્માની શુદ્ધિ તો તેજ નદીમાં સ્નાન કરવાથી થાય છે કે—જ્હેના યમ-નિયમ રૂપ કિનારા છે, જ્હેની અંદર સત્ય રૂપ પાણી છે— શીલવ્રત રૂપ જ્હેનો પ્રવાહ છે, અને દયા રૂપ તરંગો જ્હેની અંદર ચાલી રહ્યા છે. તાત્પર્ય એ છે કે:— આત્મા ઉપર લાગેલો જે કર્મરૂપ મેલ છે, તે યમ-નિયમ-શત્ય-શીલ-દયા આદિ ગુણોથીજ નષ્ટ થાય છે. ”

આટલું સાંભળીને પરિવ્રાજિકા મનમાં તો ઘણીજ સં-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ક્રોધ પામી, પરન્તુ ઉપરની ચતુરાઇથી કહેવા લાગી:—

"હે રાજકન્યે ! ત્હમે મ્હારૂં કહેવું નથી સમજ્યાં. આત્માની શુદ્ધિને હું ખરાબ નથી કહેતી, પરન્તુ મ્હારા કહેવાનું તાત્પર્ય એ છે કે:– શરીરની કાન્તિ, અલંકારાદિથીજ વૃદ્ધિંગત થાય છે. અત એવ કાન્તિની અભિલાષા રાખનારે અવશ્ય શરીરને ચંદનાદિથી સુગન્ધિત રાખીને પ્રસન્ન રાખવું જોઇએ. તેજ પ્રાણિનો પહેલો ધર્મ છે, શું સમજ્યાં ?"

સુજયેષ્ટાએ કહ્યું:– ત્હમારૂં તે કહેવું નિતાન્ત વ્યર્થ છે. શરીરની કાન્તિથી ધાર્મિક પુરૂષને શું લાભ ? એવા પ્રકારની રમક ઝમક અને ચમક-દમકથી શું કંઈ પાપો નષ્ટ થઈ શકે છે ? પાપથી મુક્ત થવાને માટે જે પુરૂષ વારંવાર સ્નાન કર્યા કરેછે, તે ધોબીના ધોએલા વસ્ત્ર સમાનજ છે. જહેવી રીતે ગમે ત્હેવું સ્વચ્છ વસ્ત્ર પહેરવાથી પાપ નથી હઠી શકતું, ત્હેવીજ રીતે ઉપરના ચામડાને ધોવાથી પાતક દૂર નથી થઈ શકતાં, યદિ એમ થતું હોય તો રાત દિવસ પાણીમાં રહેવાવાળા જીવો મચ્છ-કચ્છપ આદિ આપણી પહેલાં કર્મથી મુક્ત થવા જોઇએ. અત એવ દરેકને જ્ઞાનપૂર્વક કર્મ કરવાથીજ યથાર્થ લાભ થઈ શકેછે, અન્યથા નહીં."

સુજયેષ્ટાની આ વાતનો ઉત્તર પરિવ્રાજિકાને કંઈ પણ મળી આવ્યો નહિં. અને તે મૂક થઈ, બેસી રહી. ત્યહારે સુજયેષ્ટાએ ત્હેને અંતઃપુરથી, દાસ-દાસીઓને હૂકમ કરી બહાર કાઢી મૂકી:—

પરિવ્રાજિકા સર્પિણીની માફક ક્રોધ કરતી, રાજ્યમહેલથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

જ્હારે બહાર નિકળી, ત્હારે પોતાના અપમાનથી દુઃખી થઇને ત્હેણે કહ્યું કે:—" ઠીક ! કંઈ ડર નથી. આનો બદલો હું અવશ્ય લેઇશ. યાદ રાખજે " બસ ! તે આ પ્રમાણે બણબણાટ કરતીજ રહી, કે તેટલામાં દાસ-દાસીઓએ ધક્કા મારીને ત્હેને અંતઃપુરથી બહાર કાઢી અને રાજમાર્ગ તરફ વિદાય કરી.

## સપ્તમ પ્રકરણ.

રાજગૃહ નગરીના વિશાલ રાજમહેલમાં રાજા-શ્રેણિકે એક પલંગ ઉપર આરામ કરેલો છે. પાસમાં તેઓના અનુચર લોકો સેવા-શુશ્રૂષામાં લાગેલા છે. એક તરફ ગાવાવાળાઓ મધુરસ્વરથી આલાપ કરી રહ્યાછે. ત્હેઓનાજ તાન-સૂરને શ્રેણિક રાજા પ્રસન્નતાથી સાંભળી રહ્યા છે, ત્હેવામાં એક પ્રતિહારીએ આવીને કહ્યું:—

" મહારાજ ! એક પરિવ્રાજિકા બહાર ઉભી છે. તે આપનાં દર્શન કરવાને માટે ચાહેછે. "

રાજા શ્રેણિકે- તે સાંભળીને તે પરિવ્રાજિકાને અન્દર બોલાવવાની આજ્ઞા આપી- ક્ષણભરમાં રાજાનો અનુચર તે તપસ્વિનીને લેઇ સ્હામો આવી ઉભો રહ્યો. રાજાએ તે સ્રીનું યથોચિત સન્માન કરીને આસન ઉપર બેસવાની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આજ્ઞા આપી. અને ત્હેની સાથે અનેક પ્રકારના ગપાષ્ટક ચાલવા લાગ્યા. વાતની વાતમાં તે પરિવ્રાજિકાએ સુંદરતાનો વિષય છેડયો. અને એક ઘણુંજ સુંદર ચિત્ર કાઢીને રાજાના હાથમાં આપ્યું. તે ચિત્રની સુંદરતા દેખતાંજ રાજા શ્રેણિક પ્રેમ પાસમાં ફસાઈ ગયો. રાજા, ચિત્રની લાવણ્યતાને દેખીને મુગ્ધ થઈ ગયો. આવી રીતે રાજાને પ્રેમ-પાસમાં બદ્ધ દેખી તે પરિવ્રાજિકાએ કહ્યું:—

"હે રાજન્! આપ વાત કરતાં કરતાં કયા વિચાર સાગરમાં ડુબી ગયા? આ તો તે સુકુમાર સ્ત્રીના રૂપનો આભાસમાત્ર છે. યથાર્થમાં અલૌકિક રૂપની છબીને ચિત્રમાં બતાવવી, બહુજ કઠિન છે. કઠિનજ છે એમ નહિં, પરન્તુ અસંભવ છે; આ ચિત્ર, જે આપ જોઈ રહ્યા છો, તે કોઈ અપ્સરાનું નથી, તે એક માનુષી સ્ત્રીનું છે. થોડાજ ઉપાય કરવાથી તે કામિની આપને પ્રાપ્ત થઈ શકે તેમ છે."

આ સાંભળી રાજાએ કહ્યું:— "મ્હારામાં બોલવાની યથાર્થ શક્તિ, માનો, છેજ નહિં. મન ચાહેછે કે- આ અલૌકિક ચિત્રનેજ દેખ્યા કરૂં. હે પરિવ્રાજિકે! કૃપા કરીને બતાવો—આ પરમ રૂપવતી પદ્મિનીનો નિવાસ ક્યહાં છે? યદિ તે પ્રાપ્ત થઈ શકે તો હું ત્હેને લેવા માટે રાજ્ય સૂધી પણ આપવાને તૈયાર છું."

પરિવ્રાજિકાએ કહ્યું:-"ઠીક પણ છે. આ કન્યા આપનેજ યોગ્ય છે. હે રાજન્! વિશાલા નગરીના ચેટક રાજાની સૌથી ન્હાની 'સુજયેષ્ટા' નામની કન્યાનું આ ચિત્ર છે. થોડાજ



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉદ્યોગ કરવાથી તે કન્યા રત્ન આપને મળી શકે તેમ છે. ”

એટલું કહીને તે પરિવ્રાજિકા રાજા શ્રેણિકની પાસેથી વિદાય થઈ ગઈ. અને મનમાં કહેવા લાગી કે- “ ચેટક રાજાની કન્યાએ મ્હને અપમાનપૂર્વક અંત:પુરથી બહાર કાઢી મૂકી હતી, આ ત્હેનો બદલો થઈ ગયો. ઘાટ તો ઠીકજ ઘડયોછે, પછી બને તે ખરૂં. કેમકે અત્યારે તો શ્રેણિક રાજાનું મન ઠેકાણે નથી. સંભવ છે કે:- તે સુન્દરીને પ્રાપ્ત કરવાના નિમિત્તે ચેટક રાજા ઉપર આક્રમણ કરે; જો તેમ થાય તો મ્હારો આ ઉદ્યોગ વ્યર્થ નહિં જાય, તે ચોક્કસ છે. ‘ શત્રુથી બદલો લેવોજ જોઇએ. ”

આ પ્રમાણે મનમાં વિચાર કરતી કપટ વેષને ધારણ કરવાવાળી પરિવ્રાજિકા પોતાના સ્થાન પ્રત્યે ચાલી ગઈ.

## અષ્ટમ પ્રકરણ.

રાજા શ્રેણિક રાત દિવસ સુજયેષ્ટાનું ચિત્ર લેઈ પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યો. સુજયેષ્ટાનું રૂપ રાજાના ચિત્તમાં સમાઈ ગયું. સુજયેષ્ટા સંબંધી વિચાર સિવાય બીજી કોઈ વસ્તુ રાજાને રૂચવા ન લાગી. ક્રમશ: સુજયેષ્ટાને મળવાની લાલચે રાજાની બુદ્ધિને ઉલટાવી દીધી. રાજા રાજ્ય-કાજને પણ ભૂલી ગયો. આ ઉદાસીનતાનો ત્હાં સુધી પ્રભાવ પડયો કે રાજા શ્રેણિકને નિદ્રાથી પણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હાથ ધોઈ નાખવા પડયા. રાજાનું શરીર કૃશ થવા લાગ્યું. રાજ્યથી સંબંધ રાખવાવાળા દરેક લોકોના કાનમાં આ વાત પહોંચી ગઈ. અને દરેક લોકો રાજાના ચિત્તને બદલવાને માટે અનેક ઉપાયો કરવા લાગ્યા; પરન્તુ કોઈથી કંઈ કાર્ય નીકળ્યું નહિં.

એક દિવસ પોતાના નિયમાનુસાર શ્રેણિક રાજાનો પુત્ર અભયકુમાર પોતાના પિતાની સન્મુખ ઉપસ્થિત થયો. પરન્તુ રાજા સુજ્યેષ્ટાના ધ્યાનમાં એટલો લીન હતો કે-ત્હેને પોતાના પુત્રના આવ્યાનો પણ બોધ ન થયો. આવી અવસ્થામાં અભયકુમારે સાષ્ટાંગ પ્રણામ કરીને પોતાના પિતાને પૂછયું:—

" હે દેવ ! આપ ઉદાસીનાવસ્થામાં કેમ છો ? આપનું સર્વથા પ્રસન્ન રહેવાવાળું મન આજ આટલી બધી ચિન્તાથી વ્યાકુલ કેમ છે ? હે તાત ! શું કોઇ દુષ્ટે આપની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું ? અથવા શું આપના હૃદયમાં કોઈ વાતના અભાવનું દુઃખ થઈ રહ્યું છે ? હું આપની આ દશા દેખીને બહુજ દુઃખી છું. કૃપા કરીને આપના હૃદયની યથાર્થ અવસ્થા કહીને મ્હારો સન્દેહ દૂર કરો. "

રાજા શ્રેણિક, પુત્ર અભયકુમારની આ વાત સાંભળી કહેવા લાગ્યો:—

" હે વત્સ ! સમસ્ત રાજ્યમાં મ્હારા કાર્યને સાધન કરવાવાળો તું એકજ છે. ત્હારા જેવા સુપુત્રને પ્રાપ્ત કરીને હું પોતાને પરમ ભાગ્યવાન્ સમજું છું. હે બેટા ! ત્હારા કાર્યથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હું અત્યન્ત પ્રસન્ન છું. પરન્તુ શું કરૂં ? એક એવી વાત છે કે જે ત્હારી સ્હામે કહેવાથી મ્હને સંકોચ થાય છે. થોડો કાલ વ્યતીત થયો એક પરિવ્રાજિકા મ્હારી પાસે આવી હતી. અને ત્હેણે મને ચેટક રાજાની પુત્રી સુજ્યેષ્ટાનું ચિત્ર બતાવ્યું. ત્હેને દેખીને ન માલૂમ મ્હારી ચિત્તની વૃત્તિને શું એ થઈ ગયું છે. ”

અભયકુમાર બુદ્ધિનો ભંડાર હતો. તેથી પિતાના ચિત્તની દરેક વાત સમજી ગયો. અને હાથ જોડીને બોલ્યો:—

“ હે દેવ ! આપ ચિન્તા ન કરો. પ્રસન્ન થાઓ. હું આપનો મનોરથ શીઘ્ર સફળ કરવાનો ઉદ્યોગ કરૂં છું. ”

આટલું કહીને અભયકુમાર પોતાના પિતાની પાસેથી રવાના થયો. અને મંત્રીઓથી સલાહ કરવા લાગ્યો. રાજાનો મંત્રી પણ ઘણોજ ચતુર હતો. અભયકુમાર અને મંત્રીની એ સલાહ થઈ કે– “ ચેટક રાજાની પાસે એક દૂત મોકલવામાં આવે, અને તે દ્વારા પત્ર મોકલીને રાજાને પ્રાર્થના કરવામાં આવે કે– તે પોતાની કન્યા સુજ્યેષ્ટાનો વિવાહ રાજા શ્રેણિક સાથે કરે. ”

આ વિચારને દૃઢ કરી એક દૂત વિશાલા નગરી પ્રત્યે મોકલ્યો; ચેટક રાજાએ ત્હેનું સન્માન પણ કર્યું. પરન્તુ પત્રનો ઉત્તર સંતોષકારક ન આપ્યો. ચેટકરાજાએ પ્રાર્થનાના ઉત્તરમાં જે પત્ર લખ્યો ત્હેની અંદર એમ લખવામાં આવ્યું હતું કે:—

“ હૈહય વંશમાં ઉત્પન્ન થએલી આ પુત્રીને હું વા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

હિકકુલમાં કદાપિ આપી શકતો નથી. ”

આ પત્રને વાંચી મંત્રી અને અભયકુમાર બન્ને ખિન્ન ચિત્તવાળા થઈ ગયા. અને શ્રેણિક રાજાની માનસિક ચિન્તામાં તો વિશેષ વધારો થયો. પરન્તુ નીતિમાં કહ્યું છે કે:—

“ उद्यमेन हि सिध्यन्ति कार्याणि न मनोरथैः ।
न हि सुप्तस्य सिंहस्य प्रविशन्ति मुखे मृगाः ॥ ”

અર્થાત્ દરેક કાર્ય ઉદ્યમથી સિદ્ધ થાય છે. કેવલ મનમોદકથી કંઈ કામ ચાલતું નથી, સુતેલા સિંહના મુખમાં મૃગો પોતાની મેળે આવીને કંઈ પેસતા નથી. સિંહને ઉદ્યમ જરૂર કરવો પડે છે.

આ પ્રમાણે વિચાર કરીને અભયકુમારે પોતાના પિતાની પાસે આવીને કહ્યું કે:—

“ હે પૂજ્ય ! આપ ગભરાશો નહિં. જોકે રાજા ચેટકે અમારી પ્રાર્થનાનો સ્વીકાર નથી કર્યો, તો તેથી કંઈ ચિન્તા નથી. હું અન્ય ઉપાયથી રાજકન્યા સુજ્યેષ્ટાને લાવીને આપની સેવામાં નિયુક્ત કરીશ. ”

પુત્રની આ પ્રતિજ્ઞા સાંભળીને રાજા અત્યન્ત પ્રસન્ન થયો. અને રાજાના કમળાઈ ગએલા મુખકમળ ઉપર કાન્તિનાં કિરણો કંઈક પ્રકાશિત થતાં માલૂમ પડયાં.

હવે અભયકુમારે બીજો ઉપાય વિચાર્યો. અને તે વ્યાપારીનો વેષ ધારણ કરી વિશાલા નગરી તરફ રવાના થયો. પોતાની સાથે વ્યાપાર કરવાની સામગ્રીથી અતિરિક્ત, અભયકુમાર, રાજાશ્રેણિકનું એક ઘણું સુંદર ચિત્ર બનાવીને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

લેઈ ગયો.

પુત્રના ગયા બાદ શ્રેણિકને કંઈક આશા થઈ તો ખરી. પરન્તુ સુજયેષ્ટાનું ધ્યાન કરતાં કરતાં વિરહ વ્યથિતોની સમાન જીવન વ્યતીત કરવા લાગ્યો.

## નવમ પ્રકરણ.

પ્રાચીન સમયમાં કેટલીક એવી વિદ્યાઓ પ્રચલિત હતી કે જહેને સાંભળીને અત્યારે લોકો આશ્ચર્ય કરેછે. અને એમ કહી બેસેછે કે– 'આવું હોવું સંભવજ નથી', પરન્તુ તે વાત ઠીક નથી. જહેને આપણે આજકાલ 'વિજ્ઞાન' કહીએ છીએ તે પણ બીજું કંઈ નહિં, કેવલ સૃષ્ટિના નિયમોનું અનુસંધાન કરી લેવું તેજ છે. વિજ્ઞાન શાસ્ત્ર દ્વારા કેવલ સાંસારિક નિયમોનોજ પતો લાગેછે; બીજું કંઇ નહિં. પ્રાચીન કાલમાં જે માયાની વિદ્યાથી લોકો અનેક પ્રકારનું રૂપ ધારણ કરી લેતા હતા, ત્હેનો આજકાલ કોઇને કંઈ હાલ માલૂમ નથી, કિન્તુ હાલ ન માલૂમ થવાથી ત્હેનું પ્રાચીન અસ્તિત્વ મટી શકતું નથી. તે વિદ્યાઓના પ્રભાવથી મનુષ્યનું સ્વરૂપ પણ કંઇનું કંઈ થઈ જતું હતું.

અભયકુમારે એવાજ કોઈ ઉપાયથી પોતાનું રૂપ બદલી દીધું. અને ત્હેનો સ્વર, વર્ણ, રૂપ અને તેજ કંઇનું કંઈ થઈ ગયું. અભયકુમાર પોતાના નગરથી અત્તર-તેલ વિગેરેનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સોદાગર બનીને બહાર નિકળ્યો, અને પોતાની સાથે પેલું શ્રેણિકરાજાનું ચિત્ર પણ લેઈ ગયો. દેશ દેશાંતરમાં ભ્રમણ કરતો અભયકુમાર કેટલાક દિવસોએ તેજ વિશાલા નગરીમાં આવી પહોંચ્યો કે—જ્યહાં ચેટક રાજા રહેતો હતો. નગરીમાં આવી રાજાના મહેલની પાસેજ ત્હેણે સુગન્ધિત પદાર્થોની દુકાન ખોલી દીધી.

તે દિવસોમાં ભારતવર્ષમાં પેટની વ્યથાથી પીડિત મનુષ્યો ઘણાજ કમ દેખાતા હતા. દરેક લોકો ધન-ધાન્યથી પૂરિત, આનંદપૂર્વક સમય નિર્વાહ કરતા હતા; એવી અવસ્થામાં જ્યહારે લોકોને પેટની ચિંતાથી રાત દિન ચિંતિત નહોતું રહેવું પડતું, ત્યહારે ઉત્તમ વસ્ત્ર અને સુગન્ધિત પદાર્થોનો ઘણો પ્રચાર હોવો, સંભવ છે. થોડાજ દિવસોમાં અભયકુમારની દુકાન ખૂબ ચાલવા લાગી. અને ત્હેના ઉત્તમ પદાર્થોની ધૂમ આખા નગરમાં ફેલાઈ ગઇ. મ્હોટા મ્હોટા ધનિકો ત્હેની દુકાનથી અત્તર-તેલ ઈત્યાદિ ખરીદવા લાગ્યા; અને ત્હેની પ્રશંસા ત્યહાં સૂધી થવા લાગી કે રાજાના અંતઃપુરમાં પણ ત્હેનો માલ જવા લાગ્યો.

આ વ્યાપારીનું નામ સુગન્ધિત પદાર્થો વેચનાર તરીકે એટલું પ્રસિદ્ધ થઈ ગયું કે—ઘરાકોનાં ટોળે ટોળાં ત્હેની દુકાન ઉપર હમેશાં દેખાવા લાગ્યાં. રાજાના અંતઃપુરની દરેક દાસીઓ તેજ દુકાનથી સુગન્ધિત પદાર્થો ખરીદવા લાગી.

એક દિવસ ચેટક રાજાના અંતઃપુરની કેટલીક દાસીઓ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અભયકુમારની દુકાન ઉપર માલ ખરીદવા આવી, તેઓને દેખીને અભયકુમારે શ્રેણિકરાજાનું ચિત્ર, બહાર કાઢી ઘણાજ આદરથી રાખ્યું. અને તે ત્હેનું પૂજન કરવા લાગ્યો. પૂજા કરીને તે કૃત્રિમ વ્યાપારીએ માથું નમાવી ઘણીજ ભક્તિથી સાષ્ટાંગ નમસ્કાર કર્યો. આ કૃત્ય દેખીને બધી દાસીઓ ઘણીજ ચકિત થઈ ગઈ. દાસીઓએ રાજાના ચિત્રને પોતાના હાથમાં લીધું અને વારંવાર જોવા લાગી. આ વખતે અભયકુમાર અને દાસીઓની આ પ્રમાણે વાર્તા થવા લાગી:—

દાસી–હે વણિક્! આપ એ બતાવો કે સંસારને મોહિત કરવાવાળું આ કોનું ચિત્ર છે?

અભયકુમાર–આ અનુપમ સ્વરૂપવાળા મ્હારા સ્વામી છે, તેજ મ્હારા ઈષ્ટ દેવ છે. તેઓજ દ્વારા મ્હને વાંછિત ફલ પ્રાપ્ત થાય છે.

દાસી–આ ચિત્ર કોનું છે? મ્હને ત્હેનું નામ બતાવો.

અભયકુમાર–આ ચિત્ર રાજગૃહ નગરીના અધિપતિ મહારાજ શ્રેણિકનું છે.

દાસી– શું આ ચિત્ર, થોડા વખતને માટે આપ અમને આપી શકશો?

અભયકુમાર–હું કદાપિ તેમ ન કરી શકું. કેમકે સંભવ છે કે–ત્હમે લોકો આ ચિત્રને પોતાને ઘેર લેઈ જઈ, મ્હારા સ્વામીનું અપમાન કરો. આવી દશામાં હું આપને આ ચિત્ર નહિં આપી શકું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દાસી—અમે સોગન પૂર્વક કહીએ છીએ કે-અમે ત્હેનું અપમાન લગાર પણ નહીં કરીએ અને ત્હેને કોઈ સ્થળે રાખીશું પણ નહિં. તેમ એ પણ સોગન પૂર્વક કહીએ છીએ કે-જ્યહાં સૂધી આ ચિત્ર અમે આપને પાછું ન આપી જઇએ, ત્યહાં સૂધી અમે ભોજન પણ નહિં કરીએ.

અભયકુમાર—ત્હમે આ ચિત્રને લેઈ જઈ શું કરશો ?

દાસી—અરે ! ભાઈ ! અમારે આ ચિત્રનું બીજું કંઈ નથી કરવું, કેવલ અમારી સ્વામિની રાજકન્યા સુજયેષ્ટાને બતાવવા માટેજ લેઈ જઇએ છીએ. તે રાજકુમારી ગુણને ગ્રહણ કરવાવાળી, પરમ ચતુર સુન્દરી છે. તે આ ચિત્રને દેખીને અત્યન્ત પ્રસન્ન થશે. કેમકે મ્હોટા મ્હોટા ચિત્રકારોની નિપુણતાથી ભરેલાં ચિત્રો અમારા અંતઃપુરમાં છે. તે બધાં ચિત્રોમાં આ ચિત્રની સમતા રાખવાવાળું એક પણ નથી.

અભયકુમાર-ઠીક ! તો ત્હમે પહેલાં ત્હમારી સ્વામિની પાસે જઈ આ ચિત્રનું વર્ણન કરો. યદિ ત્હેની ઈચ્છા આ ચિત્રને દેખવાની હશે તો હું થોડા વખતને માટે આપીશ.

આ પ્રમાણે અભયકુમાર સાથે વાતચિત કરીને તે દાસી, પોતાની અન્ય સહવર્તિનીઓની સાથે સુગન્ધિત પદાર્થોના વ્યાપારીની દુકાનથી રાજમહેલ તરફ પ્રસ્થાનિત થઈ, અને ત્યહાં જઈ રાજકન્યાઓની સ્હામે ચિત્રની પ્રશંસા કરવી આરંભ કરી. દાસીઓએ રાજકુમારીઓની સામે તે ચિત્રને 'સંસારનાં દરેક ચિત્રોનું શિરોમણિચિત્ર' કહ્યું. 'મનોહર'

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

'અનુપમ' આદિ વિશેષણોની સાથે ત્હેનું વર્ણન કર્યું. આ વાતને સાંભળીને રાજકન્યા સુજ્યેષ્ટાના ચિત્તમાં તે ચિત્રને દેખવાની ઘણીજ ઉત્કંઠા થઈ. ત્હેણીએ દાસીઓને આજ્ઞા કરી કે–"ગમે તે પ્રકારે પણ તે ચિત્રને લાવીને મ્હને એક વાર અવશ્ય બતાવો."

સુજ્યેષ્ટાની આ આજ્ઞા લેઈને તે બધી દાસીઓ પાછી અભયકુમારની દુકાન ઉપર આવી. અને શીઘ્ર તે ચિત્ર માગી લેઈ, રાજકન્યા સુજ્યેષ્ટાના હાથમાં લાવી મૂક્યું. જહેવું તે ચિત્ર રાજકન્યાના કરકમલમાં રાખ્યું, ત્હેવીજ તે અત્યન્ત પ્રસન્ન થઇને બોલી:–"મેં આવું સ્વરૂપ કદાપિ દેખ્યું નથી. આ તો કોઈ દૈવીય પુરૂષ માલૂમ પડે છે. તે વ્યાપારીની પાસે જઈને ત્હમે એ વાતનો નિશ્ચય કરો કે આ મનોહર છબી કોણ દેવતાની છે ?"

દાસીઓએ આ ચિત્ર સંબંધી બધું વૃત્તાન્ત પહેલાંજ પૂછી લીધું હતું. તે દાસીઓમાંથી 'વિચક્ષણા' નામની દાસીએ રાજકુમારીને કહ્યું:–"હે સખિ ! આ કોઈ દેવ નથી, તેમ કોઈ સ્વર્ગીય જીવ નથી, કિન્તુ આ એક મનુષ્ય છે. આ તેજ રાજા છે કે– જહેણે આપના પિતાની પાસે આપની યાચના કરી હતી."

આ સાંભળીને સુજ્યેષ્ટાએ દાસીને પૂછ્યું:–"હે વિચક્ષણે ! યદિ શ્રેણિક રાજા આવો સ્વરૂપવાન છે તો પિતાજીએ શા માટે મ્હને દેવાનું કાર્ય અસ્વીકાર કર્યું ?"

દાસી વિચક્ષણાએ ઉત્તર આપ્યો:– "ત્હેનું યથાર્થ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વૃત્તાન્ત તો આપના પિતાજ જાણતા હશે, પરન્તુ મ્હને લાગે છે કે–કોઈ બીજાએ વચમાં પડી આ કામ ભાંગી ફોડયું હશે."

સુજયેષ્ટાએ દાસી પ્રત્યે કહ્યું:–"હે વિચક્ષણે! આ ચિત્રને દેખીને હવે મ્હારૂં મન નથી ચાહતું કે– હું બીજાની સાથે વિવાહ કરૂં. યદિ તું મ્હારૂં જીવન ચાહેછે તો તું તે વ્યાપારી પાસે જા, અને ત્હેને કહે કે:– તે શ્રેણિકરાજા સાથે મ્હારો વિવાહ થાય એવી કોઈ યુક્તિ બતાવે. નહિં તો આ મ્હારો પ્રાણ બચવો બહુ કઠિન થઈ જશે."

વિચક્ષણા દાસીએ આ બધું વૃત્તાન્ત અભયકુમારને જણાવ્યું. અભયકુમારે પોતાનું કાર્ય સિદ્ધ થવાનો આ ઉમદા અવસર દેખ્યો.

અભયકુમારે દાસીને કહ્યું:– યદિ ત્હમારો નિશ્ચય હોય તો હું તે કાર્ય કરવા માટે પ્રસ્તુત છું. પરન્તુ એવું ન થવા પામે કે પાછળથી રાજકુમારી બીજો કોઈ વિચાર સ્થિર કરી લે. ત્હમે જઇને રાજકુમારીને કહો કે– અહિંથી થોડે દૂર અમુક સ્થાન પર એક સુરંગ લાગેલી હશે, તે સુરંગના મુખ આગળ અમુક સમયે આવીને ઉભી રહે અને હું તેજ સમય ઉપર શ્રેણિકરાજાને, તે સ્થાન ઉપર લાવીશ."

ત્યહાર બાદ વિચક્ષણા અંતઃપુરમાં ચાલી ગઈ અને અભયકુમાર રાજાશ્રેણિકને નિયત સ્થાન અને નિયત સમય ઉપર લાવવાનો ઉદ્યોગ કરવામાં કટિબદ્ધ થયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# દશમ પ્રકરણ.

પુરાણા જમાનામાં ભારતવર્ષમાં સુરંગ ખોદવાની વિદ્યા પણ ઘણી ઉન્નતિ પર હતી. એકથી એક, સુરંગ ખોદવામાં દક્ષ લોકો અહિં મોજૂદ હતા. આ વિદ્યામાં પ્રસિદ્ધિપામેલા કારીગરોને બોલાવી, અભયકુમારે ઘણીજ લાંબી સુરંગ ખોદાવી દીધી– અને નિયત સ્થાન ઉપર તે સુરંગનું મુખ બનાવીને, પશ્ચાત્ અભયકુમાર પોતાના પિતા શ્રેણિકરાજા પાસે આવી ઉપસ્થિત થયો. પિતાની પાસે આવી ત્હેણે પોતાની બધી કારવાઈ કહી સંભળાવી. સુ-પુત્રનાં આ વચનો સાંભળી રાજા શ્રેણિક બહુજ પ્રસન્ન થયો. અભયકુમારનાં વચનોનો પ્રભાવ ત્હાં સૂધી પડયો કે– રા-જાશ્રેણિકનુ એકાકી તેજ વધવા લાગ્યું અને આનંદની ઉર્મિઓ ઉછળવા લાગી. રાજાશ્રેણિક શીઘ્ર સુજ્યેષ્ટાને લેવા માટે રથપર સવાર થયો, અને મ્હોટા મ્હોટા શૂર સામન્તોને સાથે લેઈ રાજ્યથી બહાર નિકળ્યો. સુલસાના બત્રીસ પુત્રો પણ, રાજાના અંગરક્ષકો બનીને સાથે ચાલ્યા. અને ઘણા સમારોહની સાથે તે સેના તે નવીન સુરંગના દ્વાર સૂધી પહોંચી ગઈ. સુરંગના મુખ પર આવ્યા બાદ રાજાએ પોતાને આવવાના સમાચાર વિશાલા નગરીમાં સુજ્યેષ્ટાને કહેવ-રાવ્યા. રાજાએ મોકલેલા દૂતે ગુપ્ત રીત્યા જ્હેવા સમાચાર સુજ્યેષ્ટાને કહ્યા, ત્હેવીજ તે અત્યન્ત પ્રસન્ન થઈ ગઈ, અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોતાના ભાવિ પતિને મળવાના નિમિત્તથી તે રાજમહેલથી નિકળવાને ઉદ્યત થઈ. તે સમયે તે પોતાની ન્હાની બ્હેન ચિલ્લણાની પાસે જઈ બોલી:—

"હે સહોદરે ! યદ્યપિ તું મ્હારાથી ન્હાની બ્હેન છે, તથાપિ આજ હું ત્હારીજ આજ્ઞા લેઇને જઈશ. હે પ્યારી બ્હેન ! ચિત્રમાં જે રાજાશ્રેણિકને મ્હેં દેખ્યા હતા, તેજ, કામદેવની કાન્તિને મન્દ કરનાર રાજા, આજે મ્હને લેવાને માટે ઉપસ્થિત થએલ છે. માટે હે બ્હેન ! તું મ્હને આજ્ઞા આપવામાં વિલમ્બ ન કર."

સુજ્યેષ્ટાની આ પ્રાર્થના સાંભળીને ચિલ્લણાએ કહ્યું:- "હે પ્યારી બ્હેન ! ત્હારા વિના મ્હારૂં, ક્ષણભર પણ જીવન અસહ્ય થશે. હું મ્હારી પ્યારી બ્હેન વિના કેવી રીતે એકલી રહી શકીશ ? હે સુજ્યેષ્ટે ! તું મ્હને પણ પોતાની સાથે લેઈ ચાલ. જે ત્હારો પતિ છે, તેજ મ્હારો પણ પતિ થશે. હે પ્રિયંકરે ! જો તું મ્હને સાથમાં નહિં લેઈ જઈશ તો તો હું આત્મઘાત કરી દેઈશ."

એ પ્રમાણે અનેક પ્રેમની વાતો કરીને તે બન્ને બહેનોએ એક સાથ જવાનો નિશ્ચય કરી લીધો. અને અંતઃપુરથી નિકળી તે બન્ને સાંકેતિક સ્થાન પર આવી ગઈ. તેઓને દેખવાની સાથેજ રાજા પરમાનંદિત થયો અને કહેવા લાગ્યો કેઃ—

"હે મૃગલોચને ! હું ત્હમારે માટેજ અહિં આવ્યો છું. યદિ ત્હમારો મ્હારા ઉપર સ્નેહ છે, તો શીઘ્ર ત્હમે આ રથ-પર સવાર થઈ જાઓ."

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રાજાની આજ્ઞા થતાંજ તે બન્ને રથ ઉપર આરૂઢ થઇ ગઈ. કિન્તુ તે સમયે સુજયેષ્ટાને એક વાત યાદ આવી. અને તે રથ પરથી ઉતરીને કહેવા લાગી:—

"હે દેવ! હું મ્હારો, રત્ન અને આભૂષણોથી ભરેલો કરંડીયો ઘેર ભૂલી આવી છું. હે પ્રાણવલ્લભ! જ્યહાં સૂધી હું તે લેઈ પાછી ન આવું, ત્યહાં સુધી આપ કૃપા કરી અહિંજ ઉભા રહેજો!"

બસ! આટલું કહીને સુજયેષ્ટા રાજમહેલ તરફ ગઈ. ત્હેના ગયા બાદ સુલસાના બુદ્ધિમાન બત્રીસ પુત્રો રાજા-શ્રેણિકને કહેવા લાગ્યા કે: "શત્રુના સ્થાન ઉપર વધારે વાર ઉભા રહેવું ઉચિત નથી. યદિ કોઇ દેખી જશે, તો મ્હોટી આપત્તિ આવવા સંભવ છે." આ વચનોને સાંભળી રાજાએ પોતાના સાથીઓને ચાલવાની આજ્ઞા આપી. સેનાએ પ્રયાણ કર્યું. રથપર કેવલ ચિલ્લણાજ રહી અને તે રથ પણ ચાલ્યો. તે રથની પાછળ બધી સેના ચાલી અને તે બધી સેનાની પાછળ સુલસાના બત્રીસ પુત્રોના રથ રક્ષક થઇને ચાલ્યા.

જ્યહારે રાજાશ્રેણિક અને સેના થોડે દૂર નિકલી ગઈ, ત્યહારે સુજયેષ્ટા તે સ્થાન ઉપર આવી. આ સ્થાન ઉપર સુજયેષ્ટાએ ન કોઈ રથ દેખ્યો, તેમ ન કોઈ મનુષ્ય દેખ્યો. આથી તે ઘણી ગભરાઈ, અને પોતાના મનમાં વિચાર કરવા લાગી કે- ગમે તેમ હો, પરન્તુ રાજા કોઈ છળભેદી હતો. બસ! 'હાય' 'હાય' કરીને એકદમ રોવા લાગી અને કહેવા લાગી:—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

" હાય રે હાય ! ગજબ થઈ ગયો. અરે ચોરો આવીને મ્હારૂં સર્વસ્વ લૂંટી ગયા. હાય ! ચિલ્લણા બહેન ! તું ક્યહાં ચાલી ગઈ ? અરે કોઈ આવોરે ! મ્હારી બહેનને રાજાશ્રેણિક લેઈ ચાલ્યો જાય છે. દોડો રે દોડો ! ગજબ થઈ ગયો. અરે ! મહા અનર્થ થઈ ગયો. હાયરે હાય ! હું શું કરૂં ? ક્યહાં જાઉં ?"

ઈત્યાદિ સુજયેષ્ટાનું રૂદન સાંભળીને રાજાના કર્મચારીઓ દોડી આવ્યા. ધીરે ધીરે આ અનર્થની ખબર રાજાચેટકે પણ જાણી. રાજાચેટક રાજ્યસિંહાસનથી ઉતરી દોડવા લાગ્યો. રાજાએ તેજ સમયમાં ઘણા આવેશમાં આવીને પોતાના 'વીરાંગદ' નામક સેનાપતિને આજ્ઞા આપી કે:–"હે વીરાંગદ ! હમણાં તમે આપણી સેનાના વીરપુંગવોને લેઇને જાઓ, અને રાજાશ્રેણિકને મારી ચિલ્લણાને લેઈ આવો. જોજો, દુષ્ટ શ્રેણિક નાશી જવા ન પામે. તે દુષ્ટને આ અપરાધનો દંડ અવશ્ય મળવો જોઇએ."

રાજા ચેટકની આજ્ઞા થતાંજ સેનાધિપતિ વીરાંગદે સેનાને તૈયાર થવા આજ્ઞા આપી. યુદ્ધનાં વાજાં વાગવા લાગ્યાં અને યુદ્ધગાયકોએ આ પ્રમાણે યુદ્ધગીત ગાવું આરંભ કર્યું:–

અરે સૈનિકો ! ધાય આવો સુઆવો, વિજય રાગથી રાગ ગાઓ સુગાઓ;
વધો વીરતાથી અરે ! શૂર ! ધાઓ, ખેંચી રાયશ્રેણિકને આશુ લાઓ.
કૃપાણો ઉધાડો હવે કંઈ ન સોચો, સુભાલા વડે શત્રુગણ ખૂબ કોચો;
છુટે તીર ઝટથી મહાશસ્ત્રભારી, મચે યુદ્ધનું દ્વન્દ હા ! હા ! પ્રચારી.
અરે વીર છો વીરતાને બતાવો, અરે શૂરસેના વધાવો વધાવો;
ગઈ ચિલ્લણા પાછી લાવો સુલાવો, વળી વીર 'વિદ્યા' બતાવો બતાવો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ ગીત સાંભળી વીરાંગદ સેનાપતિ સુરંગમાં સેનાને લેઈ આવ્યો. અને ઘણીજ શીઘ્રતાથી તે શ્રેણિકરાજાની પાછળ પડયો. પહેલાં ત્હેણે ઘણા દૂરથી ઘોડાઓના શબ્દ સાંભળ્યા, અને તેથી તેણે પોતાના સૈન્યને વેગથી ચાલવાની આજ્ઞા આપી. થોડાજ સમયમાં ત્હેના કાને રથનાં પૈડાંનો અવાજ આવ્યો, ત્યહારે પોતાની સેનાને લલકારી કહ્યું:—

"પહોંચ્યા છીએ, મારીએ છીએ રાજાશ્રેણિકને, વીરો! ગભરાશો નહિં."

હવે દેખતા દેખતા દેખતામાં બન્ને સૈન્યની સમીપતા થઇ ગઈ અને બન્ને તરફ શસ્ત્રનો વરસાદ થવા લાગ્યો. તે સમયે વીરાંગદને પાછું હઠવું પડયું, પરન્તુ ત્હેણે ક્રોધમાં આવી એક એવું ભયંકર શસ્ત્ર છોડયું કે એકજ વારમાં સૌથી પાછળ રહેલા સુલસાના બત્રીસે પુત્રો, એકી સાથે મૃત્યુ પામ્યા. આ દેખીને શ્રેણિકની સેના ભાગી. તે અવસરમાં શ્રેણિક રાજાનો રથ ઘણેજ દૂર નીકળી ગયો હતો, તેથી વીરાંગદ શ્રેણિક ઉપર જરા પણ આક્રમણ કરી શકયો નહિ. વીરાંગદ સેનાપતિ પોતાની સેનાને લેઈ પાછો વળ્યો, અને ચેટક રાજાની પાસે આવી દરેક વાત નિવેદન કરી. કેવી રીતે રોમહર્ષણ યુદ્ધ થયું ? કેવી રીતે સુલસાના બત્રીસ પુત્રો માર્યા ? કેવી રીતે રાજાશ્રેણિક યુદ્ધથી પલાયિત થઈ નાઠો ? તે દરેક વૃત્તાન્ત વીરાંગદે રાજાચેટકને નિવેદન કર્યું. રાજા પોતાની સેનાને જીતી સમજી અત્યન્ત પ્રસન્ન તો થયો, પરંતુ ચિલ્લણાનું હરણ દેખીને મહાચિન્તાથી ગ્રસિત પણ થઈ ગયો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# એકાદશ પ્રકરણ.

રાજા ચેટકના અંતઃપુરના આંતરિક ભાગમાં એક સુંદર બગીચો બનેલો છે. જ્હેનાં, લીલાં લીલાં વૃક્ષો દેખીને એમ અનુમાન થાય છે કે- ઋતુપતિ વસંત, સંસારનો ત્યાગ કરીને અહિંજ નિવાસ કરેછે. અનેક પ્રકારનાં ફુલ-ફૂલોની શોભા, આ સ્થાનને સ્વર્ગ જેવું રમણીય બનાવવામાં કૃતકાર્ય થઈ રહી છે. એક તરફ કોમલ મધુર પક્ષીઓનો કલ-રવ, બીજી તરફ જાત જાતના ફુઆરાની લહરિઓ ચિત્તને લોભાવી રહી છે, આ બગીચાનો પુષ્પપરાગના કણોથી મિશ્રિત વાયુ, મસ્તકને પરિપૂર્ણ કરી દેછે. ન્હાનાં ન્હાનાં તળાવોના મધ્યમાં રંગ-બેરંગનાં કમળો ખિલેલાં છે. તેઓના ઉપર ભ્રમરોની માળા ઉડતી એવી માલૂમ પડી રહી છે, કે માનો, પ્રકૃતિદેવી જલ દેવતાઓને અલંકૃત કરવાના નિમિત્તથી માળા પહેરાવી રહી છે.

આ પરમ સુંદર બાગના એક ચબૂતરા ઉપર રાજકન્યા સુજયેષ્ટા બેઠી છે. ત્હેને આ ઉપવનની શોભાનું કંઈ ધ્યાનજ નથી. સુજયેષ્ટા આ સાંસારિક સુખ તરફ દૃષ્ટિપાત પણ કરતી નથી. તે પોતાના શુદ્ધ નિર્મલ હૃદયમાં કહી રહી છે કેઃ—

“ ધિક્કાર છે સાંસારિક ભોગોને ! ધિક્કાર છે તે વિષય



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વાસનાની લાલસાને, કે જ્હેના કારણથી સહોદરા બ્હેન, બીજી બ્હેનને ઠગેછે. આહા ! સંસારનાં ક્ષણિક સુખો, મનુષ્યને કેવો અન્ધ બનાવી દેછે ? કોઈ કવિએ ઠીકજ કહ્યું છે કે:-

"जन्मेदं बन्धनान्नीतं भवभोगोपलिप्सया ।
काचमूल्येन विक्रीतो हन्त ! चिन्तामणिर्मया ॥"

ઠીક છે. સંસારના ભોગોની લિપ્સામાં પડીને આ જન્મને, મ્હેં બન્ધનોથી બાંધી દીધો. હાય ! મેં ચિન્તામણિ સમાન મ્હારા આત્માની કંઈ કદર નહિં કરી, અને ત્હેને કાચના મૂલ્યથી વેચી દીધો."

આ પ્રમાણે કહી, સુજયેષ્ટા પુનઃ મનમાં કહેવા લાગી:- ધિક્કાર છે, આ ક્ષણિક સુખોને, કે જે પહેલાં રાગરૂપમાં ફસાવીને પછી નરક તરફ ખેંચી જાય છે. ત્હેની રમણીયતા પ્રારંભમાં તો સુખકર માલૂમ પડેછે, પરન્તુ પરિણામમાં હમેશાં દુઃખદાઈ રહીને મર્મચ્છિદ કલેશને આપેછે. આ ભોગોમાં શરીરનું બળ નાશ થવા સિવાય બીજું કંઈ ફળ પ્રાપ્ત થતું નથી."

આ પ્રમાણેના વિચારોથી, સુજયેષ્ટાના પૂર્વકર્મના ઉદયથી ત્હેના હૃદયમાં જ્ઞાનનો વિકાશ થયો, અને સાંસારિક વિષયોની નિસ્સારતાના તત્ત્વને સમજીને વિરાગમાં યુક્ત થઈ. સુજયેષ્ટાએ પોતાના મનમાં વ્રતગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો અને પોતાના પિતાને આ દરેક વૃત્તાન્ત નિવેદન કર્યું.

આ દેશની અંદર કોઈ સમય એ હતો, જ્યહારે જ્ઞાનનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ડંકો ચારે તરફ વાગતો હતો. જ્ઞાની અને વૈરાગીની મ્હામે ચક્રવર્તીઓ પણ શિર ઝુકાવતા હતા, સુજયેષ્ટાના આ માનસિક વિચારોને સાંભળીને ચેટકરાજાને પ્રસન્નતા થઈ, અને ત્હેમણે પોતાની કન્યાને વ્રતગ્રહણ કરવાની આજ્ઞા આપી. એક લોકોક્તિ પ્રસિદ્ધ છે કે–"जे कम्मे सूरा, ते धम्मे सूरा" ત્હેનું તાત્પર્ય એછે કે– જે કર્મમાં વીર હોય છે, તે ધર્મમાં પણ વીર હોય છે. હાં ! કેવલ ધર્મ તરફ પ્રવૃત્તિ થવી જોઈએ. સુજયેષ્ટાએ પિતાજીની આજ્ઞા પ્રાપ્ત કરીને 'ચંદનબાલા' નામક સાધ્વીની પાસે દીક્ષા ગ્રહણ કરી, આ દીક્ષા ઉપર ચેટકરાજાએ ઘણોજ મહોત્સવ કર્યો. તે સમયમાં ધર્મપ્રભાવનાનું એટલું પ્રાબલ્ય હતું કે રાજ્યસુખનો ત્યાગ કરીને લોકો ધર્મનાં કઠિન વ્રતોને પાળવા પ્રવૃત્ત થતા હતા. તેમજ આજકાલની માફક ધર્મકાર્યોથી વિમુખ થઈ ભાગવાવાળા ભાગ્યેજ મળી આવતા હતા. સુજયેષ્ટાના દીક્ષા ગ્રહણ કરવા પછી ત્હેની સંસારમાં પ્રસિદ્ધિ થઈ અને ત્હેની ધર્મ ભાવના પણ ઉત્તરોત્તર વૃદ્ધિંગત થવા લાગી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# દ્વાદશ પ્રકરણ.

સુરંગથી નાઠેલ શ્રેણિકરાજા ચિલ્લણાને રથમાં બેસાડીને ઘણેજ દૂર નિકળી ગયો. શ્રેણિકરાજા પોતાના મનમાં એજ વિચારતો હતો કે–'હું સુજયેષ્ટાને રથપર બેસાડી લેઈ આવ્યો છું.' થોડા સમય બાદ જ્યહારે રાજાને, પાછળ પડેલા શત્રુઓનો ભય મટી ગયો, ત્યહારે રાજાએ કહ્યું:- "હે સુજયેષ્ટે........" આ વાક્ય પૂરું થયુંજ નહિં તેટલામાં તો રથની અંદર બેઠેલી સ્ત્રી કહેવા લાગી કે:- 'હે રાજન્! હું સુજયેષ્ટા નથી, તે તો ત્યહાંજ રહી ગઈ, હું ત્હેની ન્હાની બહેન ચિલ્લણા છું."

રાજાશ્રેણિકે કહ્યું:- "હે સુન્દરિ! ત્હમારી રૂપ-કાન્તિની પ્રભા પણ અનુપમજ છે. સુજયેષ્ટાની સહોદરા શું કોઇને પણ મનોજ્ઞા થવામાં કમ થઈ શકે? હે કામિનિ! હું ત્હને પ્રાપ્ત કરીને અત્યન્ત પ્રસન્ન છું. પૂર્વનાં કોઈ પરમ પુણ્યથી તું મ્હને મળી છે."

એ પ્રમાણે રાજાશ્રેણિક અને ચિલ્લણાની ઘણે દૂર સૂધી વાતચીત થતીજ રહી. રાજા, ચિલ્લણા સુંદરીને પામી અત્યન્ત પ્રસન્ન થયો. રાજાને આ આનંદમાં પણ પોતાના ૩૨ સુભટોનું મૃત્યુ બરાબર યાદ આવી જતું હતું અને તેથી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેમનું ચિત્ત અત્યન્ત ખિન્ન થઈ જતું હતું. રાજકન્યા ચિ-લ્લણા, રાજાને પતિ પામી યદ્યપિ ઘણીજ પ્રસન્ન હતી, પરંતુ ત્હેને પોતાની સહોદરા સુજયેષ્ટાનો વિયોગ, દારૂણ દુ:ખ દેતો હતો. એવી રીતે હર્ષ અને વિષાદનો અનુભવ કરતો, રાજા-શ્રેણિક પોતાના સ્થાન ઉપર જઈ પહોંચ્યો.

રાણી ચિલ્લણાને મહેલમાં છોડીને શ્રેણિકરાજા, પોતાના પ્રતિષ્ઠિત સેવક નાગસારથીને મળવા માટે ગયો. રાજાને દેખવાની સાથેજ નાગસારથી સન્માન સૂચિત કરવાના નિ-મિત્તથી ઉભો થઈ ગયો. ત્હેણે ઘણા આદર પૂર્વક શ્રેણિક-રાજાને લેઈ જઈ એક ઉચ્ચાસન પર બેસાડયા. પોતે હાથ જોડીને ઉભો થઈ ગયો અને બોલવા લાગ્યો કે:-' મહા-રાજશ્રીની શી આજ્ઞા છે ? '

નાગસારથીનું આ વાકય સાંભળી રાજા સ્તબ્ધ થઈ ગયો, તેઓના નેત્રમાંથી આંસુ ટપકવા લાગ્યાં. આ દેખીને સારથી બહુજ ગભરાયો, અને વારંવાર ચિન્તાનું કારણ રાજાને પૂછવા લાગ્યો. રાજાએ કંઈ કહેવા ઈચ્છા કરી પરન્તુ શોકથી તેઓનો કંઠ રોકાઈ ગયો. અને રોતાં રોતાં તેઓએ ૩૨ દેવદત્તોનું એક સાથ મૃત્યુ થયાના સમાચાર મહામુશી-બતે નાગસારથીને કહ્યા.

આ સમાચાર સાંભળતાંજ નાગસારથી વ્યાકુલ થઈ ગયો અને ' હાય ! હાય ! ' કરી ત્હેણે પછાડી ખાધી. નાગ-સારથી મૂર્છિત થઈ મૃતકની માફક પૃથ્વી પર પડયો, ત્હેવા-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

માં સુલસા ત્યહાં આવી પહોંચી, પોતાના પતિની આ દશા દેખીને ઘણીજ વ્યાકુલ થઈ ગઈ. જ્યહારે ત્હેને પોતાના પુત્રોના મૃત્યુના સમાચાર માલૂમ પડયા, ત્યહારે તે પણ એકાએક હાહાકાર કરતી પછાડો ખાવા લાગી, રોવા લાગી અને પોતાનું માથું કૂટી કૂટીને કહેવા લાગી:—

" હાય ! હાય ! આ શું થઈ ગયું ? અરે દેવદત્તો ! ત્હમે મ્હને એકલી છોડી કયાં ચાલ્યા ગયા ? હાય રે દેવદત્તો ! હાય ! આ શો ગજબ થઈ ગયો ? હાય રે ! આ શું અન્ધેર થઈ ગયું ? અરે ! મ્હારા બત્રીશ રક્ષકોને કોણ લેઈ ગયું ? અરે હું કેમ ન મરી ગઈ ? હાય ! હું નાગજીને શું મ્હોં બતાવીશ ? અરે ! જહે પુત્રોના લીધે મ્હને લોકો ભાગ્યશાલિની કહેતા હતા, હાય વિધાતા ! ત્હેં તે ભાગ્યને કેમ ખેંચી લીધું ? અરે ભગવન્ ! હું તે બત્રીશની વિધવાઓને કેવી રીતે સમજાવું ? અરે ! આ શો ગજબ થઈ ગયો ? "

આવી રીતે સુલસાદેવી વિલાપ કરી રહી હતી ત્હેવામાં નાગસારથીની મૂર્છા કંઈક દૂર થઈ, અને તે પણ વિલખી વિલખી રોવા લાગ્યો. જ્યહારે આ દશા, સુલસાના ૩૨ પુત્રોની એક હજાર ચોવીસ પત્નીઓને માલૂમ પડી, ત્યહારે તે બધી એકાએક હાય ! હાય !ના પોંકાર કરી રોવા લાગી. આ હજારો સ્ત્રીઓનો આર્તિનાદ સાંભળવાવાળાનું હૃદય મર્યાદામાં રહેતું નહોતું. ગમે ત્હેવા કઠોર હૃદયવાળાની પણ છાતી ફાટવા લાગતી હતી. સારથીના જહેવા સદાચારીને માથે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવી પડેલી આ આપત્તિને જે સાંભળતો, તે રોયા વિના રહેતો નહિં. આખી રાજગૃહ નગરીમાં આ શોકમયી ઘટનાની ખબર ફેલાઈ ગઈ, નાગસારથીના કુટુંબમાં તો હાહાકારનું કહેવુંજ શું ? ક્રમશઃ આખી રાજગૃહ નગરીમાં વિલાપના સ્વર સિવાય બીજું કંઈજ દેખાવા ન લાગ્યું.

દરેકને આ પ્રમાણે શોકાતુર દેખીને ગંભીર અને બુદ્ધિનો ભંડાર અભયકુમાર દરેકને સમજાવવા લાગ્યો:—

" હે મહાનુભાવો ! ત્હમે જૈનધર્મના તત્ત્વોને સારી રીતે સમજોછો, ત્હમારે, અવિવેકી પુરૂષોની માફક શોકસાગરમાં પડવું લગારે યોગ્ય નથી. આ સંસાર ઐન્દ્રજાલિક માયા છે. જ્હેવી રીતે આકાશમાં ઈન્દ્રધનુષ્ય છે, જ્હેમ મેઘોની વચમાં વિજળીની ચંચળતા છે, અને જ્હેવો સંધ્યાનો રંગ છે, ઠીક ! ત્હેવીજ રીતે આ સંસારની પણ કોઈ વાત સ્થિર નથી. શરીરધારીઓની પ્રકૃતિ છે મરવું, અને પ્રકૃતિથી વિરૂદ્ધ સ્વભાવ છે જીવવું. જ્હે જન્મેલ છે, તે અવશ્ય મરશે. ચાહે કોઈ આજ મરે, અથવા ચાહે કોઈ સો વર્ષ બાદ મરે, પરન્તુ મૃત્યુ અવશ્ય થશે. અત એવ મૃત્યુનો શોક કરવો વૃથા છે.

' મરવું-જીવવું ' તે આપણા અધિકારમાં નથી. અત એવ કહ્યું છે:— ' गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ' પ્રાણ રહેશે યા જશે, ત્હેની ચિન્તા વિદ્વાન્ પુરૂષો કરતા નથી. આ સંસારની કોઈ વસ્તુ સ્થિર નથી. દરેક વસ્તુ પરિવર્તન-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ના નિયમની શૃંખલામાં ગુંથાએલી, રૂપાન્તર થવાવાળી અને અનિત્ય છે. ત્હેને માટે આટલો શોક કરવો ઉચિત નથી

હે નાગસારથી ! હે સુલસે ! ધૈર્ય ધારણ કરો. આપના બત્રીશ પુત્રો એક સાથ ભૂશાયી થઈ હમેશાંને માટે વિદાય થઈ ગયા, ત્હેમાં કંઈ આશ્ચર્ય નથી. જુઓ ! સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્રોનું મૃત્યુ એકજ સમયમાં થઈ ચૂકેલ છે. જહે પ્રાણીએ જહેવા પ્રકારે પોતાનું મૃત્યુ બાંધેલ છે, તે ત્હેવાજ પ્રકારે મૃત્યુને પ્રાપ્ત થશે. મૃત્યુના સમયને કોઈ એક પળ પણ ઘટાડી વધારી શકતું નથી. રાજા રંક, શેઠશાહુકાર, બાલ-વૃદ્ધ, સ્ત્રી પુરૂષ, વિદ્વાન મૂર્ખ કોઇને પણ કાળ છોડતો નથી. બસ ! વિશેષ શું કહેવું ? ગમે ત્યહારે પણ કાળ દરેકને ખાશે ખાશે ને ખાશેજ.

અત એવ મહાનુભાવો ! સંસારને અસાર સમજી શોકનો ત્યાગ કરો, અને કંઈ એવું આત્મહિત કરી લ્યો કે પુન: બીજા ભવમાં આવું દુ:ખ પ્રાપ્ત ન થાય.”

અભયકુમારના આ ઉપદેશના પ્રભાવથી તે લોકોનો શોક દૂર થયો, અને તેઓએ ધૈર્યનું અવલમ્બન કરીને પોતાના પુત્રોની મરણાન્ત ક્રિયા કરી. તેમજ પ્રભુ પૂજા આદિ ધર્મકાર્યોમાં અનુરક્ત થયા. રાજાશ્રેણિક, તેમજ અભયકુમારાદિ પણ સુલસાના ૩૨ પુત્રોનું ગુણકીર્તન કરતા પોતાના નિવાસસ્થાન તરફ પ્રસ્થાનિત થયા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# ત્રયોદશ પ્રકરણ.

અંતરંગ શત્રુઓને દમન કરવાવાળા, સુર-અસુરાદિ દ્વારા પૂજિત, મિથ્યાત્વ અંધકારના નાશક અને કેવલજ્ઞાન વડે કરીને સૂર્ય સમાન ભગવાન્ મહાવીરસ્વામી તે સમયે પૃથ્વીને પવિત્ર કરી રહ્યા હતા. ચાવીશમા તીર્થંકર તેજ ભગવાન્ મહાવીરદેવ તે સમય સંસાર ભરમાં વિખ્યાત હતા. એક સમયે ગ્રામાનુગ્રામ વિચરતા ભગવાન્ ચંપાનગરીના 'કુસુમાકર' નામક ઉદ્યાનમાં પધાર્યા. ભગવાન્ મહાવીરસ્વામીનો એટલો મહિમા હતો– એવા અતિશયો હતા કે– મ્હોટા મ્હોટા ઇંદ્ર દેવતાઓ ભગવાન્‌ના સત્કારને માટે ઉપસ્થિત રહેતા અને સેવામાં હાજર રહેતા હતા. આ 'કુસુમાકર' નામક ઉદ્યાનની અન્દર પણ દેવતાઓએ ઘણી શ્રદ્ધા અને ભક્તિથી સમવસરણની રચના કરી. વાયુકુમાર દેવતાઓએ એક યોજન પ્રમાણવાળી વિસ્તીર્ણ ભૂમીને સાફ કરી, મેઘકુમાર દેવતાઓએ સુગંધિત જલથી તે જમીન ઉપર છંટકાવ કર્યો, ષટ્ ઋતુઓએ ચિત્ર વિચિત્ર રંગનાં પુષ્પોથી તે પૃથ્વીને આચ્છાદિત કરી, ત્યહારબાદ વ્યન્તર દેવતાઓએ સુવર્ણ તથા મણિથી તે પૃથ્વીને ચિત્ર વિચિત્ર બનાવી દીધી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવી રમણિક જમીન ઉપર દેવતાઓએ ત્રણ ગઢ બનાવ્યા. અન્દરનો ભાગ વૈમાનિક દેવતાઓએ, મધ્યનો જયોતિષીઓએ, અને બહારનો ભાગ ભવનપતિ દેવતાઓએ નિર્માણ કર્યો. આ પ્રત્યેક ગઢમાં તેત્રીશ ધનુષ્ય અને બત્રીશ આંગુલનો વિસ્તાર હતો. તથા ૫૦૦ ધનુષ્ય ઉંચી ભીંતો શોભિત હતી. પ્રત્યેક ભીંતના વચમાં ૧૩૦૦ ધનુષ્યનું અંતર હતું. આવી રીતનું તે સ્થાન એકાએક બની ગયું.

આ સમવસરણના પ્રત્યેક ગઢમાં ચારે તરફ ચાર ચાર દ્વાર હતાં. અને તે સમવસરણમાં ૨૦૦૦૦ પગથીયાં હતાં. ત્હેના વચમાં એક મણિપીઠ સ્થાપિત હતું. જ્હેની અંદર ૩ સીઢીઓ અને ૪ દ્વાર હતાં. તેમજ ચાર ખૂણા સુન્દર બનેલા હતા. ત્હેનો વિસ્તાર ૨૦૦ ધનુષ્યનો હતો. અને જિનેશ્વર ભગવાનના અંગ પ્રમાણ ત્હેની ઉંચાઈ હતી. તે મણિપીઠના ઉપર ૩૨ ધનુષ્ય ઉંચું અને એક યોજનથી કંઈક અધિક વિસ્તીર્ણ અશોક વૃક્ષ હતું, જ્હેની અન્દર રક્ત પલ્લવોની કાન્તિ ચમકી રહી હતી. તથા ભૂમીથી અઢી કોશ ઉંચે પીઠ ઉપર રાખેલાં, પાદપીઠની સાથે ચાર સિંહાસનો શોભિત હતાં, જ્યાં આઠ ચામર ધારણ કરવાવાળાઓની સાથે ચાર છત્રત્રય પણ સ્થાપિત હતાં. અને એક યોજન પ્રમાણનો ધર્મધ્વજ પણ વિરાજિત હતો—

આવી રીતે દેવતાઓ દ્વારા રચેલ સમવસરણમાં બાર પર્ષદાઓ પણ પોત પોતાના સ્થાન ઉપર બેઠી. ત્હાર બાદ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પૂર્વ દ્વારથી પ્રવેશ કરતા, ત્રણ પ્રદક્ષિણાઓને દઇને, ચાર રૂપને ધારણ કરી ભગવાન્ મહાવીર દેવ, સિંહાસન પર વિરાજમાન થઈ ચાર ગતિને ઉચ્છેદ કરવાવાળી ધર્મદેશના આ પ્રમાણે આપવા લાગ્યા:—

"હે ભવ્યો ! અનેક પ્રકારના જન્મ રૂપ તરંગોથી વ્યાપ્ત આ અપાર સંસાર સમુદ્રમાં મનુષ્ય જન્મ પામવો અતીવ દુર્લભ છે, જહેવી રીતે ધાન્યમાં ઘઊં શ્રેષ્ઠ માનવામાં આવે છે, અને ધાતુઓમાં સુવર્ણ શ્રેષ્ઠ માનેલ છે, ત્હેવી રીતે સમસ્ત યોનિઓમાં મનુષ્ય યોનિ શ્રેષ્ઠ છે. ભવ્યાત્મનો ! આ મનુષ્ય જન્મમાં પણ ધાર્મિક દેશ, ધાર્મિક કુલ એવં પંચેન્દ્રિયની પટુતા વિગેરે પુણ્ય પ્રકર્ષથીજ પ્રાપ્ત થાય છે. તે બધાઓની પ્રાપ્તિ થવા છતાં પણ યદિ 'સમ્યક્ત્વ' ની પ્રાપ્તિ ન થઈ, તો અન્ધ મનુષ્યની માફક, આખી જીન્દગી વ્યર્થ થઈ જાયછે. કેમકે 'સમ્યક્ત્વ' તે એક દીપક સમાન છે. 'સમ્યક્ત્વ' વિના આત્માને યથાર્થ બોધ થઈ જ નથી શકતો. હવે 'સમ્યક્ત્વ' શું છે ? તે પણ સાંભળો:—

"या देवे देवता बुद्धिर्गुरौ च गुरुतामतिः
धर्मे च धर्मधीः शुद्धा सम्यक्त्वमिदमुच्यते ।"

સુદેવ, સુગુરૂ અને સુધર્મ ઉપર પૂર્ણ શ્રદ્ધા ત્હેને 'સમ્યક્ત્વ' કહેછે. કુદેવ, કુગુરૂ અને કુધર્મના સ્વીકારને 'મિથ્યાત્વ' કહેવામાં આવે છે. કુદેવ તેજ છે કે- જે દેવ રાગ-દ્વેષાદિ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દોષોથી પૂરિત છે, કુગુરૂ તેજ છે કે- જે ગુરૂ, પરિગ્રહાદિ કાર્યોમાં નિમગ્ન છે. અને કુધર્મ તેજ છે કે- જે ધર્મમાં હિંસાદિ નિંદ્ય કાર્યોનું વિધાન કરવામાં આવેલું છે. આ પ્રમાણે કુદેવ- કુગુરૂ અને કુધર્મ પર શ્રદ્ધા રાખવાથી સંસારમાં વારંવાર ભ્રમણ કરવું પડેછે. તેથી વિરૂદ્ધ-તેથી વિપરીત, સુદેવ તેજ છે કે જે દેવમાં રાગદ્વેષાદિ દોષોનો લેશ પણ નથી, નિર્ગ્રન્થ અર્થાત્ પરિગ્રહાદિ કાર્યોથી રહિત તે સુગુરૂ છે, અને જે ધર્મની અન્દર દયાનું પ્રાધાન્ય છે તે સુધર્મ માનવા યોગ્ય છે. બસ ! ત્હેનેજ 'સમ્યક્ત્વ' કહેવામાં આવે છે.

જે જીવ સ્ફુટ સમ્યક્ત્વ રૂપ દીપકને પ્રાપ્ત કરીને અજ્ઞાન રૂપ અન્ધકારને નાશ કરેછે, અને તે દ્વારા સત્-અસત્નો બોધ કરી લે છે, તેજ જીવ મોક્ષનો અધિકારી છે. જે ઉત્તમ જીવો હોય છે, તેજ ધર્મની સહાયતાથી સંસાર સમુદ્રથી પાર થાય છે. ધર્મનું તાત્પર્ય- ફલ મોક્ષ સુખની પ્રાપ્તિ છે. જ્હેવી રીતે સમૂલ વૃક્ષ ફલને દેવાવાળું થાયછે, ત્હેવીજ રીતે દયા પ્રધાન ધર્મ મોક્ષ સુખને દેવાવાળો છે. અતએવ હે ભવ્યજનો ! આ દુર્લભ મનુષ્ય જન્મ પામીને તેમજ સુદેવાદિ સામગ્રીઓ પ્રાપ્ત કરીને રાતદિન ધર્મમાં તત્પર થઈ જાઓ, મનુષ્યજન્મને સાર્થક કરવાવાળાં કાર્યોમાં કટિબદ્ધ થઈ જાઓ......"

આવી રીતે ભગવાન્ મહાવીર સ્વામી દેશના દેઈ રહ્યા હતા, તે સમયમાં, સર્વજ્ઞની આજ્ઞાનું નિરૂપણ કરવામાં સુચતુર 'અંબડ' પરિવ્રાજક સભામાં આવ્યો. જ્હેણે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્રિદંડ અને કમણ્ડલને ધારણ કરેલ છે, ગેરૂઆં વસ્ત્રો પહેરેલાં છે, આકાશગામિની સિદ્ધ વિદ્યા સાધન કરેલી છે, તેમજ શ્રાવક ધર્મને સ્વીકાર કરવાવાળો છે. 'અંબડ' ભગવાનની પ્રદક્ષિણા કરીને આ પ્રમાણે સ્તુતિ કરવી પ્રારંભ કરી:—

"હે ગૌતમાદિ ગણધરોથી સેવિત સ્વામિન્! હું આપનાં ચરણ કમલમાં વંદણા કરીને પરમ હર્ષિત થયો છું."

"હે જિનેશ્વર! આપ સૂર્યાદિ દેવોના પણ દેવ છો."

"હે પ્રભો! હું અજ્ઞાની છું. આપના અનન્ત ગુણો જાણવામાં સર્વથા અસમર્થ છું. હું કેવી રીતે આપની યથાર્થ સ્તુતિ કરી શકું? યથાર્થમાં જહેવી રીતે આંધળો મનુષ્ય તારાઓના પ્રકાશને નથી દેખી શકતો, ત્હેવીજ રીતે હું આપની યથાર્થ અવસ્થા જાણવામાં તદ્દન અસમર્થ છું."

"હે નાથ! તે બધું છે ખરૂં, તથાપિ 'यावद् बुद्धिबलोदयम्' પોતપોતાની બુદ્ધિ અનુસાર દરેકે ભક્તિ પ્રેરણાથી, જીવ્હાને, આપના ગુણ કથન કરવા તરફ પ્રવૃત્ત કરેલી છે, તેજ ન્યાયાનુસાર હું પણ મ્હારી ઈચ્છાને પ્રકટ કરવામાં તત્પર થયો છું. હે ભગવન્! હું આપને વારંવાર વંદણા કરૂં છું.

આવી રીતે સ્તુતિ કરીને અમ્બડ ભગવાનને ત્રણ વાર નમસ્કાર કર્યા. અને શ્રદ્ધા પૂર્વક દેશનાને શ્રવણ કરી. ધર્મ દેશના સમાપ્ત થયા બાદ ભગવાનને પુનઃ નમસ્કાર કરીને, અને મનમાં રાજગૃહનું સ્મરણ કરીને અંબડ ત્યાં-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

થી ચાલવા લાગ્યો. તે સમયે ત્રિકાલવેત્તા ભગવાને કહ્યું:– "હે ધર્મશીલ અંબડ ! રાજગૃહ નગરીમાં નાગસારથી-ની પત્ની સુલસાને મ્હારા વચનથી બોલાવજે અર્થાત્ મ્હારા તરફથી ધર્મ પ્રવૃત્તિના સમાચાર પૂછજે."

# ચતુર્દશ પ્રકરણ.

એક સમય એવો હતો કે ભારતવર્ષમાં અનેક ચમત્કારી વિદ્યાઓનો પ્રચાર હતો. એવી વાતો, કે જ્હેને સાંભળીને આજકાલ લોકો આશ્ચર્ય કરેછે, તે બધી ભારતવર્ષમાં પૂર્ણ રૂપથી પ્રચલિત હતી. આકાશમાર્ગમાં ગમન કરવું, માયાથી ઈચ્છાનુસાર રૂપ ધારણ કરી લેવું, મનની વાતો જાણી લેવી ઈત્યાદિ અનેક એવી વાતો હતી જ્હેને સાંભળીને લોકો 'અસમ્ભવ' કહી દેવાને તૈયાર થઈ જાયછે. પરન્તુ કોઈ સમય એવો હતો કે– તે વિદ્યાઓને સાધારણ પુરૂષ પણ જાણી લેવા સમર્થ હતો. પરિવ્રાજક અંબડ, જ્હેનું વર્ણન ઉપર કરી જવામાં આવ્યું છે, તે પ્રાય: બધી પ્રાચીન વિદ્યાઓમાં દક્ષ હતો. તે શીઘ્ર આકાશ માર્ગથી રાજગૃહ આવી પહોંચ્યો, અને પોતાના મનમાં કહેવા લાગ્યો:—

"જ્યહારે હું જિનેશ્વર ભગવાનનાં દર્શન કરી વિદાય થવા લાગ્યો, ત્યહારે શ્રીભગવાને કહ્યું:—'હે અમ્બડ ! રાજ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગૃહ નગરીમાં નાગસારથીની પત્ની સુલસાને મ્હારા વચનથી બોલાવજે.' ધન્ય છે સુલસાના ભાગ્યને, જહેના ધર્માચરણથી રાગદ્વેષ રહિત જિનેશ્વર ભગવાન્‌ને પણ પ્રસન્નતા પ્રાપ્ત થઈ. સુર-અસુરોની રાજસભામાં, બીજા કોઈને નહિં, કેવલ સુલસાને, ભગવાને ધર્મ પ્રવૃત્તિ પૂછી, ત્હેનું શું કારણ છે? તે ભાગ્યશાલિની યુવતિમાં એવો કયો ગુણ છે? ખેર! હવે તો મ્હારે ત્હેના ગુણની પરીક્ષા કરવી જોઇએ."

આ વિચાર મનમાં સ્થિર કરીને અમ્બડે માયાથી પોતાનું સ્વરૂપ બદલી નાખ્યું, અને તે સુલસાના દ્વાર પર આવી ઉપસ્થિત થયો. અંબડે સુલસાની પાસે ભીક્ષા માગી, પરન્તુ સુલસાએ એ પ્રતિજ્ઞા કરી હતી કે- "સુપાત્ર સાધુને દાન આપવું" અતએવ યાચના કરવા છતાં સુલસાએ અંબડને કંઈ આપ્યું નહીં. લાચાર થએલો અંબડ શીઘ્ર તે નગરથી બહાર ચાલ્યો ગયો.

ત્યહારબાદ રાજગૃહ નગરીમાં એવી ધૂમ મચી ગઈ કે- નગરની બહાર બ્રહ્માજી પધાર્યા છે. તેઓ ચાર મુખ, હંસ પર સ્વાર, અને પદ્માસનમાં સ્થિત છે. તેઓના હાથમાં કમણ્ડલ છે, શરીર ઉપર અક્ષસૂત્ર છે, જટા રૂપ મુકુટથી તેઓનું મસ્તક સુશોભિત છે, તેમજ તેઓની સાથમાં સાવિત્રી સ્ત્રી છે, આ સમાચાર સાંભળીને નગરનાં અનેક નર-નારીઓનાં, નગરના પૂર્વ દ્વારમાં કે જ્યાં બ્રહ્માજીનું સ્થાન હતું, ત્યાં ટોળે ટોળાં એકઠાં થવા લાગ્યાં. અહિં કેટલાકોએ તો આ બ્રહ્માજીથી વેદ માર્ગનું નિરૂપણ પણ સાંભળ્યું, નગર-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ભરમાં આ ચર્ચા જોરથી ફેલાઈ ગઇ.

આ બધા સમાચાર સાંભળીને સુલસા તો પોતાના મકાનેજ રહી, ત્યારે સુલસાની એક પ્રિયતમા સખીએ આવીને કહ્યું કે—

"હે સખિ ! આજ બ્રહ્મ લોકથી સ્વયં બ્રહ્મા અહિં પધાર્યા છે, તેઓને દેખવાને માટે ત્હમે પણ ચાલો." પરન્તુ સુલસાએ ત્હાં જવાનું હરગિજ સ્વીકાર ન કર્યું.

ત્યારબાદ રાજગૃહ નગરીના દક્ષિણ દરવાજા પાસે વિષ્ણુ ભગવાનના પધારવાના સમાચાર ફેલાઈ ગયા. લોકોનાં ટોળાં, તેઓનાં દર્શન કરવા માટે દોડવા લાગ્યાં. ખુદ લોકોએ જઇને સ્વયં દેખ્યું તો– વિષ્ણુ ભગવાન્ ગરૂડ પર સ્વાર થએલ છે, ચાર ભુજાઓને ધારણ કરી છે, તેમજ શંખ-ચક્ર અને ગદા-પદ્મને લેઈ વિષ્ણુ ભગવાન્ બિરાજમાન છે. તેઓની સાથે લક્ષ્મીજી અને સેવાને માટે અનેક દાસ–દાસીઓ વિદ્યમાન છે. નાગરિક વૈષ્ણવોમાં ઘણોજ સમારોહ મચી ગયો. પરન્તુ અનેક લોકોના કહેવા છતાં પણ શાણી-સુલસાએ, આ નવીન વિષ્ણુના દર્શન કરવા જવાનું સ્વીકાર કર્યું નહિં.

ત્રીજા દિવસે રાજગૃહ નગરીના પશ્ચિમ તરફથી જટાજૂટધારી અને મસ્તકમાં ગંગા લીધેલ તેમજ ભસ્મ લગાવેલ, અને અધા અંગમાં પાર્વતીને આસક્ત કરેલ મહાદેવના આવ્યાના સમાચાર ફેલાઇ ગયા. પ્રજામાં આ દેવતાની ઘણીજ ધૂમ ફેલાઇ. ઘેર ઘેર તેઓની ચર્ચા થવા લાગી.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કોઈ તેઓના મસ્તકના વાળને ચંદ્રમાનાં કિરણોની ઉપમા દેવા લાગ્યું, તો કોઇ ગળામાં રાખેલી મ્હોટી માળાથી ભય સૂચિત કરવા લાગ્યું. કોઈ કપાળમાં નેત્ર હોવાથી આશ્ચર્ય જાહેર કરવા લાગ્યું, જ્હારે કેટલાકો ભયંકર ત્રિશૂલ અને ધનુષ્યને યાદ કરી ડરતા અને પ્રણામ કરતા દેખાવા લાગ્યા. એ પ્રમાણે આખા નગરમાં મહાદેવજીની ધૂમધામ ફેલાઈ ગઈ. આ પ્રમાણેની આશ્ચર્યમયી ઘટનાને દેખવાને માટે લોકોએ સુલસાને ઘણીજ સમજાવી, પરન્તુ તે ઘરથી એક પગલું પણ ચાલવા સહમત થઈ નહિં.

બસ ! ચોથો દિન આવ્યો. રાજગૃહની ઉત્તર દિશામાં એક મ્હોટો સમારોહ આરંભ થયો. વૈભારગિરિ નામના પર્વતમાં તીર્થંકર ભગવાનના પધારવાની ખબર શહેરમાં ફેલાઈ. ત્હેવાં એકાકી ઘણીજ આશ્ચર્યની ઘટના ઉભી થઈ. તે સ્થાન ઉપર એકદમ ચાર દ્વાર અને કાંગરાં તથા અશોક વૃક્ષ યુક્ત ત્રણ ગઢ બની ગયા, તે ઉપર એક ઘણુંજ સુન્દર અનુપમ સિંહાસન સુસજ્જિત થઈ ગયું. ત્હેના ઉપર આરૂઢ થઇને આ નવીન તીર્થંકર જઈ બેઠા. કૃત્રિમ અષ્ટપ્રાતિહાર્યોથી તેઓની શોભામાં ઓર વધારો થયો. શાન્તમુદ્રાનું પણ કંઇક દર્શન થવા લાગ્યું, અને આ બન્યા-બનાવ્યા તીર્થંકરે અધુરામાં પૂરૂં ચાર પ્રકારની ધર્મ દેશના પણ દેવી પ્રારંભ કરી દીધી.

આ સમાચાર સાંભળીને પણ ઘણા લોકો દર્શનને માટે દોડયા, પરન્તુ ધર્માચારમાં સુદઢા, સુલસાનું મન લગાર



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પણ સત્ય માર્ગથી વિચલિત થયું નહિં. તે સારી રીતે જાણતી હતી કે— 'આ બધાં દંભનાં રૂપ કોઇની માયાજાળથી ફેલ્યાં છે, બાકી ત્હેનું અસ્તિત્વ કંઈ છેજ નહિં.' વાત પણ એવીજ હતી. કેમકે આ બધો પ્રપંચ અંબડે, સુલસાની પરીક્ષા માટેજ કર્યો હતો.

જ્યહારે આટલી કારવાઈ કરવા છતાં પણ તે ધર્મપરાયણા સ્ત્રીનું મન લગાર પણ વિચલિત ન થયું, ત્યહારે અંબડે ગુપ્ત રીત્યા, સુલસાનું મન આકર્ષિત કરવાને માટે ગુપ્ત દૂત મોકલ્યા. તેઓએ જઇને સુલસાને કહ્યું:—

"વૈભારગિરિ ઉપર તીર્થંકર ભગવાન્ સમવસૃત થએલ છે, તેઓને વંદણા કરી પોતાનાં પાપો ધોઈ નાખવાનો આ ઘણોજ સરસ અવસર છે."

સુલસાએ કહ્યું:—"ચોવીશ જિનવરોમાં અંતિમ 'વીર' નામક જિનેશ્વર છે, તેઓશ્રી 'આ' નથી."

દૂતોએ કહ્યું:—"ચોવીસમા નહિં, આ તો પચીસમા તીર્થંકર છે."

તે ઉપર સુલસા બોલી:— "પચીશમા તીર્થંકર હોઈ શકેજ નહિં, આ તો કપટ કરવામાં ચતુર અને કળાવાન્ કોઈ ચાલાક મનુષ્યની ચાલાકી માલૂમ પડેછે, કે જે સંસારને ઠગવા માટે આવ્યો છે."

આ પ્રમાણે સુલસાને તે દૂતોએ ઘણી રીતે સમજાવ્યું, પરન્તુ શુદ્ધ સમ્યકત્વવતી સુલસાએ કોઇની વાત માનીજ નહિં. તે પોતાના ધર્માચારથી લગારમાત્ર પણ સ્થાનહીન

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ન થઈ અને પોતાના પુણ્યના પ્રતાપથી અંબડની પ્રપંચ-રચનામાં અણુમાત્ર પણ લિપ્ત ન થઈ.

## પંચદશ પ્રકરણ.

અંબડ રાજગૃહના બહારના ભાગમાં બેસી વિચાર કરી રહેલ છે:—"મ્હેં ઘણા પ્રકારથી સુલસાની પરીક્ષા કરી, પરન્તુ તે પોતાના સમ્યક્ત્વમાં હરેક રીતે પાકી નિકળી, ઠીકજ છે, આજ ધર્મદૃઢતાના કારણથી ભગવાને ત્હેને પોતાના શબ્દોથી સમાચાર પૂછાવ્યા હશે ! હવે તો સુલસાથી સાક્ષાત્કાર કરવો જોઇએ."

આ પ્રમાણે વિચાર કરીને અંબડે, તે દરેક માયાવી વિદ્યાના પ્રપંચનો ત્યાગ કરીને, નિર્મલ શ્રાવકપણું સ્વીકાર કર્યું. અંબડ, નિષ્કપટ થઈ તેમજ હાથમાં સુન્દર પુષ્પપાત્ર લેઈ સુલસાના મન્દિરે ( ઘરે ) ગયો. ત્હેને દેખતાની સાથેજ સુલસાએ કહ્યું:—"હે ધર્મ બાન્ધવ ! આપ મ્હારા ઘરમાં પધારો," એ પ્રમાણે કહેતી સુલસા અંબડના સ્હામે આવી. "અતિથિનો આદર કરવો, તેજ મહાન્ ધર્મ છે" એમ વિચાર કરી સુલસા ઘણા વિનીત ભાવથી અંબડને કહેવા લાગી:—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

"હે ધર્મબન્ધો! આપને જિનયાત્રા સુખકારી તો છેજ ને? આપના આવવાથી આજ આ ઘર પવિત્ર થઈ ગયું. મ્હારૂં આજ ધનભાગ્ય છે! આ સમય આ અવસર માંગલિક છે કે જે સમયમાં આપ મ્હારે ઘેર પધાર્યા. હું આપને નમસ્કાર કરૂં છું. આપ અહિં બિરાજો."

અંબડના બેઠા બાદ સુલસાએ માતાની માફક પ્રેમથી ત્હેના પગ ધોયા, પોતાની દાસ-દાસીઓ દ્વારા પૂજાની સામગ્રી તૈયાર કરાવી. ત્યેહારબાદ અંબડે ભક્તિ ભાવથી શ્રીજિનેશ્વરની પૂજા સ્તવના કરી. પૂજન સમાપ્ત થયા બાદ સુલસાએ અંબડને બેસવા માટે પુન: આસન આપ્યું. આસન ઉપર બેસી અબંડ સુલસા પ્રત્યે આ પ્રમાણે કહેવા લાગ્યો:—

"હે વિવેકધારિણી શ્રાવિકે! મ્હેં જે જે શાશ્વત અને અશાશ્વત જિનબિંબોની યાત્રા કરી છે તે દરેકને તું અહિં બેઠી બેઠી અંત:કરણથી નમસ્કાર કર."

સુલસાએ આ વચન સાંભળી સહર્ષ મસ્તક નમાવી દરેક બિંબોને નમસ્કાર કર્યો. ત્યારબાદ પુન: અંબડે સુલસા દેવીની આ પ્રમાણે પ્રશંસા કરી:—

"હે સુલસે! હે વિવેકિનિ! ત્હને ધન્ય છે, ત્હારોજ મનુષ્ય જન્મ સફળ છે. હે સુશ્રાવિકે! પૃથ્વીમાં ત્હારૂં જ દાક્ષિણ્ય સૌથી શ્રેષ્ઠ છે. તું સતીજ નહિં, પરન્તુ સતીઓમાં શિરોમણિ છે, આહા! ધન્ય છે ત્હારા જન્મને! ધન્ય છે, ત્હારા જીવનને કે રાગરહિત મનુષ્યોમાં મુકુટ મણિ સ્વરૂપ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રીભગવાન્ ' મહાવીર ' નામના ચોવીશમા તીર્થંકર પણ દેવ દાનવ નરેન્દ્રોની સભામાં પ્રકાશ્ય રૂપથી, ત્હારી પ્રશંસા કરે છે; હે સુશીલે ! પોતાના ચરણ કમલથી ચંપા નગરીને પવિત્ર કરતા, શ્રીભગવાન્ મહાવીર સ્વામીએ મ્હારા દ્વારા, ત્હારા ધર્મકાર્યની કુશલતા પૂછી છે. "

એ પ્રમાણે અંબડનાં વચનો સાંભળીને સુલસા રોમ રોમ હર્ષિત થઈ ગઈ. આનંદનો પ્રવાહ ત્હેના હૃદયથી ઉભરાવા લાગ્યો. સુલસા શીઘ્ર ઉભી થઈ ગઈ અને હાથ જોડીને પ્રસન્નતાથી શ્રીભગવાન્‌ની આ પ્રમાણે સ્તુતિ કરવા લાગી:-

" હે પ્રભો ! આપ મોહ રૂપી મલ્લના બલને નષ્ટ કરવામાં વીર છો, પાપ રૂપ કીચડ ધોઈ નાખવામાં આપ નિર્મલ જલ સમાન છો, અને કર્મ રૂપ ધૂળને ઉડાડી દેવામાં આપ પવનની તુલ્ય છો. હે પ્રભો ! આપ જયવન્તા રહો, હે વીર ! આપના ચરણ કમળમાં વારંવાર નમસ્કાર છે. હે સ્વામિન્ ! આપના ચરણકમળ પરાગરૂપી રજ ધારણ કરવાવાળા પુરૂષોને પુનઃ સંસાર પ્રાપ્ત થતો નથી. આ લોકની અંદર જે મનુષ્ય આપના અતિસુંદર અંગને પુષ્પની માળાઓથી અલંકૃત કરેછે, ત્હેના શરીર આગળ વિકસિત ચામરો વિલાસ કરેછે, અર્થાત્ આપની પુષ્પથી પૂજા કરવાવાળાઓને ચામરાદિ ભોગ પ્રાપ્ત થાય છે. હે પ્રભો ! આપની શુદ્ધ મનથી ઉપાસના કરવાવાળા, ચક્રવર્ત્યાદિ પદવીને પ્રાપ્ત કરેછે. જે પુરૂષ આપના નામ મંત્રનો હમેશાં જાપ કરેછે, ત્હેનું પાપ ભસ્મીભૂત થઇને વિનષ્ટ થઈ જાયછે "

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આવી રીતે ઘણા વખત સૂધી ભક્તિ ભાવમાં નિમગ્ન સુલસા ભગવાનની સ્તુતિ વંદણા કરતીજ રહી અને પૃથ્વી ઉપર પોતાનું મસ્તક લગાવીને હ્મેણે ભગવાનને નમસ્કાર કર્યો.

તત્પશ્ચાત્ ધર્મદૃઢતાના પરીક્ષક અંબડે પુનઃ સુલસાને પૂછયું—

" મ્હેં ત્હારી પરીક્ષા કરવાને માટેજ બ્રહ્મા આદિનાં રૂપ ધારણ કર્યાં હતાં, હે સુલસે ! ત્હને, મ્હારો ધર્મોપદેશ સાંભળવાની ઈચ્છા ન થઈ, તે તો ઠીક છે, પરન્તુ તું કૌતુકના નિમિત્તથી પણ મ્હારી પાસે કેમ ન આવી ? ત્હેનું શું કારણ ? "

સુલસાએ કહ્યું:- " હે સુભગ ! ત્હમે દરેક ગુણોના જાણકાર પણ આમ કેમ બોલોછો ? મ્હારૂં મન શ્રીવીરપ્રભુને પ્રાપ્ત કરીને શું રાગ-દ્વેષાદિથી ભરેલ બ્રહ્મા શંકર આદિના ધ્યાનમાં લાગી શકે ખરૂં ? જ્હેનું મન સત્યતાને પ્રાપ્ત છે, તે અસત્યનું ગ્રહણ કદાપિ ન કરી શકે. હે ધર્મબન્ધો ! લગાર ક્ષણમાત્ર વિચાર કરીને જુઓ કે- જે ભ્રમર કમલ આદિ સુગન્ધિત પુષ્પોના પરાગનો આનંદ અનુભવ કરી ચૂકેલ છે, ત્હેનું શું કોઈ દિવસ પલાશના પુષ્પમાં મન લાગી શકવાનું હતું ? જે હંસ માનસ સરોવર જેવા સુરમ્ય સ્થાનમાં નિવાસ કરી ચૂકેલ છે, તે શું કોઈ દિવસ સાધારણ તલાવની આસપાસ રહેવું

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સ્વીકાર કરી શકે ? જ્હેને રત્નાદિ અતુલ ધનની પ્રાપ્તિ થઈ ચૂકી હોય, ત્હેને તામ્રખણ્ડ અર્થાત્ પૈસો પ્રાપ્ત થવાથી હર્ષ નથી થતો. ત્હેવીજ રીતે જ્હે મનુષ્યે દેવતાઓથી પૂજિત શ્રીવીરજિનેશ્વરના ચરણ કમળને વંદણા કરી છે, ત્હેનું મન અન્ય રાગદ્વેષવાળા દેવતાઓ તરફ કેવી રીતે આકર્ષિત થઈ શકે ? અર્થાત્ જિનેશ્વરના સાચા ભક્તોની રૂચિ બીજા દેવતાઓને માનવા તરફ લગારે થઈ શકતી નથી."

એવી રીતે કહીને સુલસાએ ભગવાનના ચરણ કમળનું ધ્યાન કરી નમસ્કાર કર્યો. પશ્ચાત્ ત્હેણે ઘણાજ ભક્તિ ભાવથી અમ્બડને ઉત્તમોત્તમ ભોજન જમાડી સત્કાર કર્યો. સુલસાની આ અનન્ય ભક્તિ દેખીને અંબડના હૃદયમાં પણ ધર્મની દૃઢતા ઉત્પન્ન થઈ, અને તે આજ્ઞા લેઇને પોતાના સ્થાન તરફ વિદાય થયો.

વાંચનારાઓના મનમાં અત્યાર સુધી એ શંકા રહી હશે કે મહાવીરદેવ જેવા રાગરહિતને સુલસા જેવી શ્રાવિકા પ્રત્યે ધર્મપ્રવૃત્તિ પૂછવાનું શું કારણ ? પરન્તુ ઉપરના પેરેગ્રાફથી એ વાત સ્પષ્ટ થઈ ચૂકી હશે–ત્રિકાલવેત્તા પરમાત્મા મહાવીરદેવ એ વાતને પોતાના જ્ઞાનથી જાણતા હતા કે— "અંબડની ધર્મદૃઢતા, સુલસાના નિમિત્તથીજ, થવાની છે. કેમકે જે કાર્ય જે નિમિત્તથી થવાવાળું હોય છે, તે તેજ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નિમિત્તથી થાય છે." બસ ! આજ કારણથી મહાવીર દેવે સુલસાની ધર્મપ્રવૃત્તિ પૂછાવી હતી.

# ષોડશ પ્રકરણ.

ધર્મભાવમાં પરમોત્સુકા સુલસા અહર્નિશ ધર્માચરણમાં લીન રહેવા લાગી. ત્હેનું શરીર કૃશ થઈ ગયું. જ્હેમ જ્હેમ ત્હેના પાપોની કૃશતા વધતી ગઈ ત્હેમ ત્હેમ શારીરિક કૃશતાની અધિકતા પણ વધતી ગઈ. હવે સુલસાની વૃદ્ધાવસ્થાનો સમય આવી ચઢયો. આ અવસ્થા મોહમાં ગ્રસિત લોકોને માટે અત્યન્ત દુઃખદાયિની થાય છે. કિન્તુ જ્હેનું મન, તત્ત્વજ્ઞાનથી નિર્મલ થઈ ગયું છે, ત્હેને આ અવસ્થાનો વિકાર કંઈપણ કષ્ટકર થતો નથી. ત્હેને તો પ્રત્યક્ષ ઉદાહરણની માફક વૃદ્ધાવસ્થા એ બતાવેછે કે- ધન જન અને યૌવનનો ગર્વ બીલકુલ વ્યર્થજ છે. જ્હે શરીરની સુંદરતાને દેખીને લોકો પ્રસન્ન થતા હતા, તે હાડ માંસનું પિંજર નિકળ્યું. જે બળના અભિમાનથી મનુષ્ય કોઇને કંઈ ચીજ નહોતો સમજતો, તેજ બીજાની મદદ માંગવા લાગેછે. એવીજ રીતે સંસાર અને શરીરની નિસ્સારતાનો પ્રદર્શક વૃદ્ધાવસ્થાનોજ સમય છે. આ અવસ્થાને જે મનુષ્ય સમજે છે, ત્હેનું વૃદ્ધત્વ દુઃખદાયી થતું નથી—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સુલસા વૃદ્ધાવસ્થામાં પણ ધર્માચારમાં દૃઢ હતી. હવે હેને પોતાનો અન્તિમ સમય પરિજ્ઞાત થયો. ત્હેણે પહેલાં સંલેખના પૂર્વક પોતાના શરીરને અત્યન્ત નિર્મલ કર્યું. અને હમેશાં પરમાત્મા વીરનું અંતઃકરણમાં ધ્યાન કરતી, નિરાલસ્ય થઈ ધર્મ સંપાદન કરવામાં પ્રવૃત્ત થઈ. ત્હેણે પોતાનો અન્તિમ સમય સંનિકટ જાણીને ગુરૂ મહારાજના ચરણ કમળમાં નમસ્કાર કર્યો અને તે કહેવા લાગી:—

"હે ભગવન્! આપ મોક્ષના દર્શક છો. શ્રાવકોને માટે આપનો ઉપદેશ સૂર્યના કિરણોની માફક અંતઃકરણમાં પ્રકાશ કરેછે. કૃપયા સમયોચિત કાર્યનો આદેશ કરીને મ્હને સંસાર સાગરથી પાર ઉતારો. હે ગુરૂવર! સંસારમાં ફેલાએલા આ પ્રપંચથી, આ જીવ જહેવી રીતે અલગ થઇને પોતાના યથાર્થ ભાવને પ્રાપ્ત થાયછે, તે મ્હને આપ કહો." સુલસાના આ નિવેદનને શ્રવણ કરીને ગુરૂ મહારાજ એ પ્રમાણે ઉત્સાહ પ્રદાન કરવા લાગ્યા કે જહેવી રીતે રણ ભૂમિમાં સેનાપતિ પોતાના સૈન્યસમૂહને પ્રોત્સાહિત કરેછે. ગુરૂ મહારાજે કહ્યું:—

"હે સુલસે! તું દરેક રીતે વિવેક યુક્ત છે. ત્હારો પરલોક સિદ્ધ થવામાં કાંઈ સન્દેહ નથી. ત્હારામાં સર્વ દિવ્ય ગુણો વિદ્યમાન છે. કેમકે ત્હારાજ જેવી નિશ્ચલ ધર્મવૃત્તિ, પરલોકમાં હિતકારી થાયછે. જન્મથી લેઇને મરણ પર્યન્ત જહેટલાં સુકૃત છે, તે દરેકનું ફળ એજ છે કે 'ઉત્તમતાની

૧૦

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સાથે મૃત્યુ' અર્થાત્ 'સમાધિમરણ' થાય. બસ ! તે પુણ્યનું પરમ ફલ છે. જ્હેના મૃત્યુનો સમય સારો નિવડયો ત્હેની બીજી દરેક વાતો સિદ્ધ થઈ સમજવી, જ્હેવી રીતે ભાલો કામ તો કરેછે, પરન્તુ ત્હેનો જે અગ્રભાગ છે, તેજ પ્રશંસનીય છે. ત્હેવીજ રીતે જ્હેના મૃત્યુની અવસ્થાનું સાધન થઈ ગયું, ત્હેતુંજ દરેક કાર્ય જન્મમાં સિદ્ધ સમજવું.

કહ્યું છે:— "जातस्य हि ध्रुवो मृत्युः" જે ઉત્પન્ન થએલ છે, તે એક દિવસ અવશ્ય મરશે. તે સંબંધી ચિંતા કરવી વ્યર્થ છે. અત એવ હે પંડિતે ! તું પણ પંડિત મરણનું આશ્રયણ કર. આ વખતે તું અતિચારોનું સંશોધન કરી લે. વ્રતોનું ઉચ્ચારણ કર, અને અપરાધોની ક્ષમાપના પણ કરી લે. હે ધર્મવતી સુલસે ! હવે તું પાપનાં કારણોને ત્યાગ કરતી અરિહન્ત, સિદ્ધ, સાધુ અને ધર્મ એ ચાર શરણોનો આશ્રય કર. ત્હેં જે તપ, જપ, તીર્થયાત્રાદિ કર્યા છે ત્હેની અનુમોદના કર. શુભ ભાવનાથી ભાવિતાન્તઃકરણ પૂર્વક અશન ( ભોજન ) નો ત્યાગ કર. હર્ષ પૂર્વક નમસ્કાર (નવકાર) મંત્રનું સ્મરણ કર, કે જ્હેનાથી ત્હને શીઘ્ર મોક્ષનું સુખ પ્રાપ્ત થાય.

"હે સુલસે ! જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર, આ પાંચ આચારોમાં ત્હને સૂક્ષ્મ પ્રકારથી પણ જ્હે અતિચાર લાગ્યા હોય, તે દરેકની દેવ ગુરૂ સમક્ષ મન વચન કાયાના વિશુદ્ધ ભાવથી આલોચના કરી લે. તથા યદિ ત્હેં અકાલ-અવિનય આદિમાં જ્ઞાનનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

અભ્યાસ કર્યો હોય, અથવા વિધિ પૂર્વક ભણવાવાળાઓના કાર્યમાં વિઘ્ન કર્યું હોય અથવા જ્ઞાનની અને જ્ઞાનીની આ-શાતના કરી હોય તે દરેકની ત્રણ પ્રકારની શુદ્ધિથી આલો-ચના કરી લે.

"હે મહાભાગ્યે ! ત્હેં યદિ શક્તિ હોવા છતાં પણ વસ્ત્ર, ભોજન, અને પુસ્તકોથી કોઇને સહાયતા ન કરી હોય, અથવા સાંપડા આદિ જ્ઞાનોપકરણની આશાતના કરી હોય, તે બધાનો મિથ્યા દુષ્કૃત દેઈ દે. યદિ ત્હારા ચિત્તમાં કદિ એવી શંકા થઈ હોય કે—'મ્હેં અમુક પુણ્ય કૃત્ય કર્યું, ત્હેનું ફળ મ્હને મળશે કે નહિં ?" અને તે દ્વારા ઉત્તમ સમ્યકત્વ મલિન થયું હોય, અથવા યદિ ત્હેં હર્ષ પૂર્વક જિનેશ્વરનું પૂજન ન કર્યું હોય અને જિનેશ્વરની આજ્ઞા સારી રીતે ન પાળી હોય, અથવા શક્તિ હોવા છતાં, પો-તાની હાનિનો વિચાર કરીને દેવ-ગુરૂ દ્રવ્યની ઉપેક્ષા કરી હોય, યા ગુરૂ-દેવની કંઈ આશાતના કરી હોય, તે દરેક ત્હારાં પાપો વિનાશને પ્રાપ્ત થાઓ.

"હે સુલસે ! ત્હેં પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ પૂર્વક સ-મ્યક્ પ્રકારથી ચારિત્ર પાલન ન કર્યું હોય, યા પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ એ પ્રમાણે એકેન્દ્રિય જીવોની વિરાધના કરી હોય, કરમીયા, પૂરા, શંખ ઇત્યાદિ દ્વીન્દ્રિય જીવોની હાનિ કરી હોય, માંકણ, કીડી વિગેરે ત્રીન્દ્રિય જીવોની ત્હારાથી હાનિ થઈ હોય, ભ્રમર, કૃત્તિકા, મક્ષુ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મક્ષી, વીંછી આદિ ચતુરિન્દ્રિય જીવોને પ્રાણહાનિ પહોંચી હોય, અથવા પાણી પૃથ્વી અને આકાશમાં ગતિ કરવાવાળા પંચેન્દ્રિય જીવોનું ત્હારા દ્વારા હનન પહોંચ્યું હોય અથવા સૂક્ષ્મ-બાદરનો અભિઘાત આદિ દશ પ્રકાર થયા હોય, તો તે ત્હારાં દરેક દુષ્કૃત અને પાતક આજ મિથ્યા થઈ જાઓ.

"હે ધર્મવીરાઙ્ગને ! યદિ ક્રોધથી, લોભથી, ભયથી, હાસ્યથી પણ તું મિથ્યા બોલી હોય અથવા કોઇ પ્રકારે નહિં આપેલી વસ્તુ તેં ગ્રહણ કરી લીધી હોય અથવા નવ પ્રકારના ધન-ધાન્યાદિમાં ત્હને મમત્વ પ્રાપ્ત થયો હોય અથવા રાત્રિ ભોજનાદિનો નિયમ લેઇને અતિચાર લાગી ગયો હોય તે દરેક ત્હારાં પાપ પણ આજ વિનાશને પ્રાપ્ત થઈ જાઓ.

"હે ભાગ્યશાલિનિ ! યદિ ત્હેં, સામર્થ્ય હોવા છતાં પણ જિનેશ્વર ભગવાને કહેલ બાર પ્રકારના તપનું યથાશક્તિ આચરણ ન કર્યું હોય, મોક્ષના સાધનભૂત ધર્મકાર્યોમાં ઉદ્યમ ન કર્યો હોય, તો ત્હેનો તું આજે અંતઃકરણથી પશ્ચાત્તાપ કર.

"હે સાધ્વિ ! પહેલાં ત્હેં જે પ્રાણાતિપાત વિરતિ ઈત્યાદિ વ્રતોને વિધિ અનુસાર પાલન કર્યાં હોય, 'ત્હેને અતિચાર રહિત આજથી હું પાળીશ' એ પ્રમાણે અંતઃકરણમાં નિશ્ચય કર. દરેક પ્રાણિઓના અપરાધોને તું સહન કર. શક્તિ યુક્ત વૈરાગ્ય રૂપ અમૃતરસનું પાન કર. હિંસા,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મૃષાવાદ, ચોરી, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિઅરતિ, પર-પરિવાદ, માયામૃષાવાદ અને મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાનોનો ત્યાગ કર. શ્રીજિનેશ્વર ભગવાન્ના શરણમાં લાગી જા. ભુવનપતિ, વાણવ્યન્તર, મનુષ્યલોક, જ્યોતિષિ, અને વૈમાનિક દેવતાલોકમાં જે અસંખ્યાત શાશ્વત ચૈત્યોમાં અરિહન્તનાં પ્રતિબિંબો છે, તેઓને મનના વિશુદ્ધ ભાવથી નમસ્કાર કર. શત્રુંજય, આબુ, ગિરનાર, કનકાચલ અષ્ટાપદ આદિ પર્વતોમાં જે જે જિનબિંબો છે, અથવા અન્યઅન્ય ભૂમિમાં જે જે ભગવાન્નાં પ્રતિબિંબો છે તે દરેકને ભાવના પૂર્વક તું વંદણા કર. જેઓએ, ગાઢ કર્મ મલને તપ રૂપી અગ્નિથી ભસ્મીભૂત કરી પરમાત્મત્વને પ્રાપ્ત કર્યું છે તે, અને પંદર પ્રકારના ભેદોને ધારણ કરવાવાળા સિદ્ધ ભગવાન્ ત્હારી રક્ષા કરે.

"હે સુલસે ! મોક્ષસાધક યોગોને સાધન કરવાવાળા, વિષયભોગ રહિત, મનુષ્ય ક્ષેત્ર સંબંધી ક્ષમાદિક દશ પ્રકારના યતિ ધર્મને પાલન કરવામાં સમર્થ, સાધુ મહારાજ ત્હારી રક્ષા કરે. ભવસાગર પાર ઉતારવામાં પ્રબલ પોત સમાન, દરેક પ્રાણિઓને હિતકારી, શ્રીજિનેશ્વર ભગવાને પ્રરૂપેલ, અને મોક્ષ સુખને આપવાવાળો ધર્મ ત્હારી સહાયતા કરે.

"હે દેવિ ! આ લોકની અંદર ત્હારાથી જે કુઅતનું નિ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

રૂપણ થયું હોય, જિન ધર્મનો ઉપદ્રોહ થયો હોય, અથવા મમતાથી ખરાબ કુલનું પોષણ થયું હોય, ધર્માદિ ઉત્તમ કાર્યોમાં અંતરાય થયો હોય, અથવા ત્હારી પ્રેરણાથી કોઈ મનુષ્ય પાપ કર્મમાં નિયુક્ત થયો હોય તેમજ પ્રમાદ યા જૂઠી વાતો ફેલાવી હોય, તે દરેક પાપોની ગુરૂ મહારાજની સાક્ષીએ નિંદા કર.

"હે સુલસે! ત્હેં જે પોતાનું દ્રવ્ય જિનેશ્વરનું મન્દિર, પુસ્તક, તેમજ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘમાં લગાવ્યું હોય, ત્હેં શીઘ્ર પ્રતિમાદિ જે જે તપ કર્યો હોય, ધર્મ વિધિમાં સહાયતા કરી હોય, ત્હેં જે જે આગમ ( શાસ્ત્ર ) નો અભ્યાસ કર્યો હોય, તેમજ જે જે ઉત્તમોત્તમ ધર્મનાં કાર્યો કર્યાં હોય, તે દરેકની અંતઃકરણથી અનુમોદના કર. તું બાર પ્રકારની ભાવનાને પોતાના અંતઃકરણમાં ધારણ કર. અનશન વ્રતને વિધિ પૂર્વક ધારણ કર. દરેક પ્રકારના આહારનો ત્યાગ કર. અને મનોહર મંગલ ક્રિયાના સુન્દર મન્દિર રૂપ, દેવતાઓની સંપદાને વશ કરવામાં પ્રધાન કારણ રૂપ અને પાપ પૂંજનો નાશ કરવામાં પરમ પ્રવીણ નવકાર મંત્રનું સ્મરણ કર."

સમ્યક્ત્વને પાલન કરવામાં તત્પર સુલસાએ જે જે ગુરૂ મહારાજે આજ્ઞા કરી, ત્હેનું પાલન કર્યું. સુલસાએ ઉત્તમ આરાધના કરીને પવિત્ર તીર્થંકર ગોત્ર ઉપાર્જન કર્યું. તેણે પોતાના હૃદયમાં વૈરાગ્યનો ભાવ પૂર્ણ રૂપથી ધારણ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

કરી લીધો. પ્રફુલ્લિતવદન થઇને તે શ્રીવીરપ્રભુના ચરણ કમલનું પોતાના મનમાં સ્મરણ કરવા લાગી. ગુરૂ મહારાજના આદેશાનુસાર ત્હેણે અનશન વ્રતની આરાધના કરી. અને આ નશ્વર તથા જીર્ણ કલેવરનો ત્યાગ કરીને પોતાના મહા પુણ્યના પ્રતાપથી અદ્ભુત શારીરિક સુખના સ્થાન ભૂત દેવભવને પ્રાપ્ત કર્યો.

તે દેવભવમાં દિવ્ય સુખોને ભોગવવા ઉપરાન્ત ત્હાંથી પુરૂષ રૂપે ભરતક્ષેત્રમાં આગામી ચોવીશીમાં પ્રસિદ્ધ પંદરમા 'નિર્મમ' નામક તીર્થંકર પ્રકટ થશે.

તે સમયમાં સંપૂર્ણ જીવોને સુખ પ્રદાન કરતા તથા દેવ મનુષ્યો દ્વારા પૂજિત અને સમસ્ત અતિશયોથી અજ્ઞાનનો વિધ્વંસ કરીને 'શ્રીનિર્મમ' નામક તીર્થંકર કેવલ જ્ઞાનને પ્રાપ્ત કરીને તેમજ તીર્થની સ્થાપના કરવા બાદ પરમાનંદ સ્વરૂપ મોક્ષ સુખ પામવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરશે.

ઇતિ સમાપ્ત.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## श्रीयशोविजय जैन ग्रन्थमालामां आजसुधी छपाइने प्रकाशित थएला ग्रन्थोनुं सूचीपत्र ।


१. प्रमाणनयतत्त्वालोकालङ्कार–मूल श्रीवादिदेवसूरि ०-८-०
२. हैमलिङ्गानुशासन–श्रीहेमचन्द्रसूरि ०-५-०
३. सिद्धहेमशब्दानुशासन–लघुवृत्तिसहित, (सीलीकमां नथी) ३-०-०
४. गुर्वावलि–मुनिसुन्दरसूरिरचित (बीजी आवृत्ति) ०-४-०
५. रत्नाकरावतारिका–बे परिच्छेद टि. पं. सहित १-०-०
६. सिद्धहेमशब्दानुशासन–मूलमात्र ०-५-०
७. स्तोत्रसंग्रह–भाग-१ (बीजी आवृत्ति) ०-६-०
८. मुद्रितकुमुदचन्द्रप्रकरण–श्रावक यशश्चन्द्रकृत ०-८-०
९. स्तोत्रसंग्रह–भाग-२ (बीजी आवृत्ति) ०-१२-०
१०. क्रियारत्नसमुच्चय–श्रीगुणरत्नसूरिविरचित २-०-०
११. श्रीसिद्धहेमशब्दानुशासनसूची अकारादि अनुक्रम ०-४-०
१२. कविकल्पद्रुम–श्रीहर्षकुलगणिरचित (श्लोकबद्ध धातुपाठ) ०-४-०
१३. सम्मतितर्काख्यप्रकरण–प्रथमखण्ड न्यायनो अलौकिक


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ग्रन्थ. श्रीसिद्धसेनादिवाकर विरचित ३-०-०

१४. श्रीजगद्गुरुकाव्य—श्रीहीरविजयसूरिनुं चरित्र ०-४-०

१५. श्रीशालिभद्रचरित्र—टिप्पणसहित पत्राकार १-४-०

१६. श्रीपर्वकथासंग्रह—प्रथमभाग पत्राकार ०-४-०

१७. षड्दर्शनसमुच्चय—राजशेखरसूरिकृत (बीजी आवृत्ति) ०-४-०

१८. शीलदूतकाव्य-चारित्रसुन्दरगणिकृत(बीजी आवृत्ति) ०-४-०

१९. निर्भयभीमव्यायोग—श्रीरामचन्द्रसूरिकृत ०-४-०

२०. श्रीशान्तिनाथचरित्र—श्रीमुनिभद्रसूरिविरचित ३-०-०

२१. रत्नाकरावतारिका-रत्नप्रभाचार्यकृत परिच्छेद ३ थी ८ १-८-०

२२. " " " १-२ १-०-०

" " संपूर्ण पाकुं पुंठुं. ३-०-०

उपदेशतरङ्गिणी-पत्राकार-उपदेश तथा रसीक कथाओ ३-०-०

न्यायार्थमञ्जूषा—सिद्धहैमनी परिभाषाओनी व्याख्या ३-०-०

२३. गुरुगुणरत्नाकरकाव्य—लक्ष्मीसागरसूरिनो इतिहास ०-८-०

२४. विजयप्रशस्तिमहाकाव्य—सटीक-हेमविजयगणि ५-०-०

२६. गद्यपाण्डवचरित्र—पण्डित देवविजयजी गणीए बनावेलुं, घणुं सरल अने बोधदायक छे. सामान्य संस्कृत जाणनाराओ पण वांचनजो सारो लाभ मेळवी शके छे. आ पुस्तक बाबू धन-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सुखदास जेठमलजी मीरजापुरवाला पासेथी भेट मळेछे.

२९. मल्लिनाथमहाकाव्य(पुस्तकाकारे तेमज पत्राकारे). आ महाकाव्य श्रीविनयचन्द्रसूरिए बनावेलुं छे. जेमां मल्लिनाथस्वामीना चरित्र उपरान्त प्रासङ्गिक केटलीक रसिक कथाओ सरल संस्कृतमां आपवामां आवीछे. साधारण संस्कृत जाणनाराओ पण तेनो लाभ लई शके छे. किमत. ३-०-०

३०. स्याद्वादमञ्जरी- (पत्राकारे) आ पुस्तक केटलेक स्थळे मुद्रित छे, तो पण अमे शुद्धता तेमज अल्प मूल्यथी ते प्राप्त थई शके तेटला सारू छपाव्युं छे किमत मात्र १-०-०

३२. पार्श्वनाथ चरित्र-भावदेवसूरिविरचित-घणुंज रसिक तथा सरल छे, पुस्तकाकारे तथा पत्राकारे श्लोकबद्ध कीमत रु. ३-०-०

## शास्त्रविशारद जैनाचार्य-श्रीविजयधर्मसूरिजी विरचित पुस्तको ।

| | | | |
|---|---|---|---|
| १. | जैनतत्त्वदिग्दर्शन | (हिन्दी भाषा) | ०-२-० |
| २. | जैनशिक्षादिग्दर्शन | " | ०-२-० |
| ३. | " | (गुजराती) | ०-२-० |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

| | | | |
|---|---|---|---|
| ४. | पुरुषार्थदिग्दर्शन | (हिन्दी भाषा) | ०-४-० |
| ५. | आत्मोन्नतिदिग्दर्शन भेट (गुजराती) पोस्टेज, | | ०-०-६ |
| ६. | अहिंसादिग्दर्शन- | (हिन्दी भाषा) | ०-४-० |
| ७. | " | (बंगला) | ०-४-० |

## एशीयाटीक सोसायटी ओफ बंगालमां छपाएला जैन ग्रन्थो.

| | | |
|---|---|---|
| १. | योगशास्त्र-त्रण अंको, प्रत्येकना | १-४-० |
| २. | शान्तिनाथचरित्र-त्रण अंक, दरेकना | ०-१०-० |
| ३. | षड्दर्शनसमुच्चय-बे अंक, प्रत्येकना | ०-१०-० |
| ४. | समराइच्चकहा-पांच अंक, प्रत्येकना | ०-१०-० |
| ५. | प्रबन्धचिन्तामणि-(इंग्रेजी भाषामां) त्रण अंक, प्रत्येकना | १-४-० |
| ६. | परीक्षामुख-लघुवृत्तिसहित, न्यायनो ग्रन्थ. | १-०-० |
| ७. | न्यायसार-सटीक. " | २-०-० |
| ८. | तत्त्वार्थाधिगमसूत्र-भाष्य सहित, त्रण अंक, प्रत्येकना | ०-१०-० |

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

९. **उपमितिभवप्रपञ्चाकथा**–(त्रीजो तथा चोथो अंक छोडी) १३ अंक संपूर्ण. प्रत्येक अंकना ०-१०-०

१०. **उपासकदशाङ्गसूत्र**–मूल तथा टीका. प्राकृत शब्दोनो कोश पण साथे छे. ६-०-०

११. **बौद्धप्रकरणसंग्रह**– बौद्ध न्यायशास्त्रनां न्हानां न्हानां छ प्रकरणोनो समावेश छे. ०-१०-०

---

१. **श्रीधर्ममहोदय**–(संस्कृत) श्रीरत्नविजयजी विरचित ०-४-०

२. **श्रीविजयधर्मसूरिचरित्र**–(गूजराती) पोस्टेज ०-१-०

३. **सुजनसम्मेलनम्**–( हिन्दी ) महामहोपाध्याय श्रीराममिश्रशास्त्रीजीनुं व्याख्यान तेमां जैनधर्मनी प्राचीनता सिद्ध करी छे. ०-१-०

---

## 'जैन-शासन'

आ पत्र दरेक पूर्णिमा तथा अमावास्याए प्रगट थाय छे. पोस्टेज सहित वार्षिक लवाजम रु. २) ग्राहक थवा इच्छनारे पोतानुं नाम, गाम, ठाम शुद्ध अक्षरे लखी मोकलवुं।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# श्रीयशोविजयजैनग्रन्थमाला.

## ( संस्कृत मासिक पुस्तक )

श्रीयशोविजय जैन ग्रन्थमाळा मासिकमां एक सो पृष्ठ संस्कृत अने प्राकृत साहित्यने माटे रोकवामां आवेछे, जेनी अंदर न्याय, कोश, तथा महाकाव्यना ग्रंथो प्रसिद्ध करवामां आवेछे. पोस्टखर्च साथे वार्षिक लवाजम रु–८) प्रथमथी लेवामां आवे छे. नमूना दाखल कोइने अंक मोकलवामां आवतो नथी.

# विशेषावश्यकभाष्य.

## बृहद्वृत्तिसहित.

### पहेलाथी छठा भाग पर्यन्त

### दरेक २०० पानाना.

जल्दी मंगावी ल्यो, व्हेलो ते पहेलो, ग्राहक थनारने दर त्रण त्रण मासे बसो बसो पानानो एक एक भाग मोकलवामां आवशे. संपूर्ण ग्रन्थनी कि० रु. २५) अगाउथीज लेवामां आवे

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

छे. पाछळथी ग्राहक थनार पासेथी रु. ३२) लेवामां आवशे.

---

## प्राकृत मार्गोपदेशिका.

आ पुस्तक मी० भाण्डारकरनी रीतिने अनुसरी तैयार करवामां आव्युं छे. संस्कृत शिख्या वगर मात्र गुजराती भाषा जाणनाराओ पण आ पुस्तक द्वारा प्राकृत भाषा सारी रीते शिखी शकेछे. कीं. ०-१२-०

मलवानुं ठेकाणुं–(१) शाह हर्षचन्द्र भूराभाई,

अंग्रेजी कोठी, बनारस सिटी.

(२) श्रीयशोविजयजी जैन पाठशाला

पालीताणा.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# श्रीसिद्धक्षेत्र यशोविजय जैन संस्कृत--प्राकृत पाठशाळा--पालीताणा

लगभग एक वर्ष थयां उपर्युक्त पाठशाळा श्रीपालीताणा खाते उघाडवामां आवी छे. तेमां जैन विद्यार्थीओने संस्कृत प्राकृत विगेरे शिक्षण आपवामां आवेछे. आ पाठशाळानो प्रयास जैन बाळकोने भणावी गणावी तेओने उपदेशको तथा विद्वानो बनाववानो छे. आ खाताने सर्वे जैन श्रीमंतो तथा विद्वानोए तन मन तथा धनथी पोतानी यथाशक्ति मदद करवा ध्यानमां लइ विद्यादान साथे अन्नदाननो लाभ लेवा चूकवुं जोइए नहि.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com